અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ ઓગસ્ટ ૨૦૨૩, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ સુદ એકમ
વર્ષ : ૧૫
અંક : ૨૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### બજરંગદળ ઉપર પ્રતિબંધ નહીં દલાયઃ દિગ્વિજયસિંહ



। ભોપાલ, તા.૧૬ ।

મધ્યપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પહેલા હિંદુત્વની ચર્ચાએ જોર પકડ્યું છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવા વિશે કહ્યું હતું કે, દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવાની જરૂર નથી કારણ કે અહીં માત્ર ૮૦ ટકા તો હિંદુઓ જ વસે છે. હવે કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે બજરંગ દળ અંગે એક નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે, જો રાજ્યમાં કોંગ્રેસની સરકાર બની તો બજરંગ દળ પર પ્રતિબંધ લગાવવામાં નહીં આવશે. તેમણે કહ્યું કે, બજરંગ દળમાં સારા લોકો પણ હોઈ શકે છે.

### મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં 3.૪ની તિવ્રતાનો ભૂકંપ

। કોલ્હાપુર, તા.૧૬ ।

મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા ૩.૪ની હતી. જેની જાણકારી નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) એ આપી છે. જોકે, હજું સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી મળ્યા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં આજે સવારે ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે, ભૂકંપના આ આંચકા ભારતીય માનક સમય પર ૦૬:૪૫ વાગ્યે અનુભવાયા હતા.

### ચંદ્રયાન-3 ચંદ્રની સપાટીની વધુ નજીક પહોંચી ગયું

। નવી દિલ્હી, તા.૧૬ ।

દેશના મહત્વાકાંક્ષી ચંદ્રયાન-૩એ ગઈકાલે ચંદ્રની ભ્રમણકક્ષાનો પાંચમો અને અંતિમ તબક્કો સફળતા પૂર્વક પૂર્ણ કર્યો હતો. હવે ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટીની વધુ નજીક પહોંચી ગયું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ મિશનને લઈને ટ્વીટ કર્યું હતું. આજે ચંદ્રયાનની યાત્રામાં મહત્વપૂર્ણ પરંતુ નિર્ણાયક ફેરફારો થશે. ઈસરોએ આજે ચોથી વખત ચંદ્રયાન-૩ ની ભ્રમણકક્ષા બદલી હતી.



# મોદીએ લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો, ૧૦મી વખત સંબોધન કર્યું

## આજે દુનિયા મોંઘવારીના સંકટથી ઝઝૂમી રહી છે, મોંઘવારીએ સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થાને પોતાની ઝકડમાં લીધી છે : નરેન્દ્ર મોદી

। નવી દિલ્હી, તા.૧૬ ।

સ્વતંત્રતા દિવસના રંગમાં હાલમાં સમગ્ર દેશ રંગાઈ ચુક્યો છે. આ ખાસ અવસર પર પીએમ મોદી દિલ્હીના લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો છે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ આ ૧૦મી વખત લાલ કિલ્લા પર તિરંગો ફરકાવ્યો છે. પીએમ મોદીના સંબોધન પર સૌ કોઈની નજર છે. લાલ કિલ્લા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરંગો ફરકાવ્યો છે. પીએમ મોદીને ૨૧ તોપની સલામી આપવામાં આવી છે. આપને જણાવી દઈએ કે, લાલ કિલ્લાની પ્રાચીર પરથી પીએમ મોદીએ ૧૦ મી વખત તિરંગો ફરકાવ્યો છે.

૭૭મા સ્વતંત્રતા દિવસ પર પીએમ મોદીએ લાલ કિલ્લા પર ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું. પીએમ મોદીએ કહ્યું કે, દુનિયા હાલમાં પણ કોરોનાથી બહાર આવી નથી. યુદ્ધ એક તરફ સંકટને જન્મ આપ્યો છે. આજે દુનિયા મોંઘવારીના સંકટથી ઝઝૂમી રહી છે. મોંઘવારીએ સમગ્ર વૈશ્વિક અર્થવ્યવસ્થાને પોતાની ઝકડમાં લીધી છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે, જ્યારે આપણી જરુરિયાતનો સામાન આયાત કરીએ છીએ, તો અમે મુદ્રાસ્ફીતિ પણ આયાત કરીએ છીએ, પણ ભારતે મોંઘવારી કાબૂમાં કરવા માટે તમામ પ્રયાસ કર્યા છે. પીએમ મોદીએ પોતાના ભાષણની શરુઆત કરતા કહ્યું કે-પૂજ્ય બાપૂ અને ભગત સિંહ જેવા શૂરવીરોના બલિદાનથી દેશ આઝાદ થયો. હું જે લોકોએ બલિદાન આપ્યા છે, તેમને પ્રણામ કરુ છું. અમે ૨૬ જાન્યુઆરી મનાવીએ તે ગણતંત્ર દિવસની ૭૫મી વર્ષગાંઠ હશે. આ વખતે પ્રાકૃતિક આપ દાએ દેશના અનેક ભાગમાં કષ્ટ સહન કર્યા છે. હું આ તમામ પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરુ છું. રાજ્ય અને કેન્દ્ર સરકાર મળીને આ તમામ સંકટમાંથી બહાર આવી ઝડપથી આગળ વધશે. પીએમ મોદીએ લાલ કિલ્લાની પ્રાચીરથી કહ્યું કે, ડેમોગ્રાફી, ડેમોક્રેસી અને ડાયવેર્સિટીની આ ત્રિવેણી ભારતને આગળ વધારવામાં મદદ કરી રહી છે. આજે ૩૦ વર્ષથી ઓછી ઉંમરની જનસંખ્યા દુનિયામાં ક્યાંય છે, તો મારા દેશ ભારતમાં છે. જે દેશ માટે આટલી કોટી કોટી ભુજાઓ હોય, તો



આપણે ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૯માં આધાર પર આપને મને ફરી એક વાર આશીર્વાદ આપ્યા. આગામી પાંચ વર્ષ અભૂતપૂર્વ વિકાસ ના છે. ૨૦૪૭ના સપનાને સાકાર કરવા સૌથી મોટી સ્વર્ણિમ ક્ષણ આગામી પાંચ વર્ષ છે. આગામી ૧૫ ઓગસ્ટે આ લાલ કિલ્લામાં દેશની ઉપલબ્ધિઓ અને વિકાસ આપની સામે રજૂ કરીશ. પ્રધાનમંત્રી મોદીએ ફરી એક વા કહ્યું કે, ભારતને દુનિયાની ટોપ ૩ અર્થવ્યવસ્થામાં સ્થાન અપાવશે. તેમણે કહ્યું કે, આ મોદીની ગેરેન્ટી છે, કે ભારત આગામી ૫ વર્ષમાં દુનિયાની ટોપ ૩ અર્થવ્યવસ્થામાં પોતાની જગ્યા બનાવશે. પીએમ મોદીએ કહ્યું કે, હું એ તમામ બહાદુર દિલોને પોતાના શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પોતાનું યોગદાન આપ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, આ કાળખંડના નિર્ણયે હજારો વર્ષના સ્વર્ણિમ ઈતિહાસ લખશે.

પીએમ મોદીએ કહ્યું કે, આપણે અત્યારે જે પણ નિર્ણય કરીશું તો ૧૦૦૦ વર્ષ સુધી આપણું ભાગ્ય લખવાનું છે. હું દેશના દીકરા-દીકરીઓને કહેવા માગું છું કે, જે સૌભાગ્ય આજે મળ્યું છે, ભાગ્યે જ કોઈના નસીબમાં હશે, જેને આ મળ્યું છે. તેને ખોવાનું નથી. મને યુવા શક્તિ પર વિશ્વાસ છે. આજે મારા યુવાનોએ દુનિયામાં ત્રણ પહેલા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં સ્થાન અપાવ્યું છે. દુનિયાને ભારતની આ તાકાતને જોતા અચંભિત થઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે, ભારતે જે કમાલ કર્યું છે, તે દિલ્હી મુંબઈ ચેન્નાઈ સુધી સીમિત નથી. ટિયર ૨ અને રિયર ૩ સિટીના નૌજવાન પણ ભાગ્ય બનાવી રહ્યા છે. દેશનું જે સામર્થ્ય દેખાઈ રહ્યું છે, તે નાના શહેરોમાંથી બહાર આવી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, અવસરોની કમી નથી. આપ જેટલા અવસરો માગશો, દેશ એટલા અવસર આપવા માટે સમર્થ છે. દેશમાં વિશેષ શક્તિ જોડાઈ રહી છે. માતાઓ બહેનોની શક્તિની. આ આપનો પરિશ્રમ છે. ખેડૂતોની શક્તિ જોડાઈ રહી છે. દેશની કૃષિના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. હું મજૂરો,શ્રમિકોને કોટિ કોટિ અભિનંદન આપવા માગું છું. પીએમ મોદીએ કહ્યું કે, અમે દરેક વર્ગના લોકોના વિકાસ માટે અને જરુરિયાતના હિસાબથી અલગ મંત્રાલયની સ્થાપના કરી છે. તેનાથી સમાજના દરેક વર્ગ સાથે આવ્યો. આજે અમે વિશ્વની અર્થવ્યવસ્થામાં પાંચમી નંબર પર આવી ગઈ છે. આ કંઈ એમ જ નથી થયું. સરકારે ભ્રષ્ટાચાર ખતમ કર્યો. પહેલા ભ્રષ્ટાચારનો રાક્ષસ દેશને ઘેરીને બેઠો હતો. લાખો કરોડના કૌભાંડ થયા અને કૌભાંડે દેશની અર્થવ્યવસ્થાને બરબાદ કરી દીધી છે.

### નૂહ હિંસા કેસમાં પોલીસ દ્વારા એકની ધરપકડ

## બિટ્ટુ બજરંગી વિહિપનો કાર્યકર હોવાનો પરિષદનો સ્પષ્ટ ઈનકાર

। નૂહ, તા.૧૬ ।

નૂહ હિંસા કેસમાં પોલીસ દ્વારા એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપી



ગોસેવક અને વીએચપી કાર્યકર બિટ્ટુ બજરંગી હોવાની વાત સામે આવી હતી, ત્યારે હવે આ ધરપકડ બાદ વિશ્વ હિંદુ પરિષદનું નિવેદન સામે આવ્યું છે જેમાં વિશ્વ હિંદુ પરિષદે કહ્યું છે કે બિટ્ટુ બજરંગી તેનો કાર્યકર નથી.

વિશ્વ પરિષદે કહ્યું કે રાજકુમાર ઉર્ફે બિટ્ટુ બજરંગી જેને બજરંગ દળનો કાર્યકર ગણાવવામાં આવી રહ્યો છે, તેનો ક્યારેય બજરંગ દળ સાથે કોઈ સંબંધ નથી. વિએચપીના પ્રવક્તા વિનોદ બંસલે કહ્યું કે વિશ્વ હિન્દુ પરિષદ તેના દ્વારા કથિત રીતે જાહેર કરવામાં આવેલ વીડિયોને યોગ્ય માનતી નથી.

બજરંગ દળના કાર્યકર રાજકુમાર (બિટ્ટુ બજરંગી)ને ૩૧ જુલાઈની હિંસાના સંબંધમાં ગઈકાલે બપોરે લગભગ ૨.૩૦ વાગ્યે ફરીદાબાદના ચાચા ચોક ખાતેના તેમના નિવાસસ્થાનેથી નુહ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ધરપકડ કરી હતી.

### કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં અનેક મોટા નિર્ણય લેવાયા

## દેશના શહેરોમાં ઈ-બસ સેવા માટે ૬૩ હજાર કરોડ રૂપિયાની મંજૂરી

### ઈ-બસ સેવાની યોજના જાહેર ખાનગી ભાગીદારી દ્વારા ચલાવવામાં આવશે

### વિશ્વકર્મા સ્કીમને પણ મંજૂરી મળી : ડિજિટલ ઈન્ડિયાનો વિસ્તાર થશે

। નવી દિલ્હી, તા.૧૬ ।

આજે મોદી કેબિનેટની બેઠક મળી હતી જેમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં શહેરો ઈ-બસ ચલાવવા અને અને વિશ્વકર્મા યોજના અંગે નિર્ણય લેવાયો હતો. શહેરોમાં ઈ-બસ ચલાવવા માટે કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. દેશના શહેરોમાં ઈ-બસ સેવા માટે ૬૩ હજાર કરોડ રૂપિયા



મંજૂર કરવામાં આવ્યા છે.

આ ઈ-બસ સેવા માટે ૬૩ હજાર કરોડ રૂપિયામાંથી કેન્દ્ર સરકાર ૨૦ હજાર કરોડ રૂપિયા આપશે જ્યારે બાકીની રકમ રાજ્ય સરકાર આપશે. ઈ-બસ સેવાની યોજના જાહેર ખાનગી ભાગીદારી દ્વારા ચલાવવામાં આવશે. આ સાથે ઈ-બસ સેવા માટે ૭ હજાર કરોડ રૂપિયાની લોન લેવામાં આવશે. ઈ-બસ સેવા ઉપરાંત વિશ્વકર્મા યોજનાને પણ કેબિનેટમાં મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાને ૧૫મી ઓગસ્ટે વિશ્વકર્મા યોજનાની જાહેરાત કરી હતી.

### મહા વિકાસ આઘાડી ગઠબંધનમાં મતભેદોના સંકેત

## શરદ પવારને કેન્દ્રીય કેબિનેટની ઓફરનો સુપ્રીયા સુલેનો ઈનકાર

। મુંબઈ, તા.૧૬ ।

મહારાષ્ટ્રમાં મહા વિકાસ આઘાડી ગઠબંધનમાં મતભેદો ઊભા થયા હોય તેવું લાગી રહ્યું



છે. એનસીપીમાં વિભાજન બાદ ગઠબંધનમાં બધુ બરાબર નથી. રાજ્યના ડેપ્યુટી સીએમ અજિત પવારે કાકા શરદ પવાર અને તેમની પુત્રી સુપ્રિયા સુલેને કેન્દ્રીય કેબિનેટમાં સામેલ થવાની ઓફર કરી હોવાની હાલ મહારાષ્ટ્રના રાજકારણમાં જોરશોરથી ચર્ચા થઈ રહી છે. સુપ્રિયા સુલેએ કેન્દ્રીય કેબિનેટમાં સામેલ થવાની ઓફર અંગેની ચર્ચાઓ પર પ્રતિક્રિયા આપી છે. સુપ્રિયા સુલેએ કહ્યું કે મને કે મારા પિતા શરદ પવારને કેબિનેટમાં સામેલ થવા માટે કોઈએ કોઈ ઑફર નથી આપી અને ન તો કોઈ ચર્ચા થઈ. મને નથી ખબર કે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓ આવા નિવેદનો કેમ કરી રહ્યા છે. હું કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને ગૌરવ ગોગોઈના સતત સંપર્કમાં છું. જોકે, હું મહારાષ્ટ્રમાં કોંગ્રેસના કોઈ નેતાના સંપર્કમાં નથી.



### અમદાવાદ લૂંટ પ્રયાસના સીસીટીવી ફૂટેજ વાયરલ

# અમદાવાદના વેપારીએ ઠંડા કલેજે લૂંટારુંને ભગાડ્યો



। અમદાવાદ, તા.૧૬ ।

શહેરમાં મોડી સાંજે લૂંટનો એક નિષ્ફળ પ્રયાસ થયો છે જે હાલ સૌના ચર્ચાનો વિષય બન્યો છે. જોકે, સદનસીબે મોટી જાનહાનિ થતા થતા રહી ગઈ છે. શહેરના મણિનગર ચાર રસ્તા પાસે લૂંટનો બનાવ થતાં અટક્યો છે. મણિનગરમાં લૂંટારું રિવોલ્વર લઈને જ્વેલરની દુકાનમાં ઘુસી ગયો હતો. લૂંટારું મોં પર રુમાલ બાંધીને અને કાળા ચશ્મા પહેરીને શોરુમમાં પ્રવેશ્યો હતો. પ્રવેશતાની સાથે જ લૂંટારુંએ વેપારીને કહ્યું કે, ફોન રખ નહીં તો ઠોક દૂંગા. જોકે, વેપારીએ હિંમત દાખવીને પ્રતિકાર કર્યો હતો. જેના કારણે લૂંટારુંએ દુકાનમાંથી તરત જ ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. આ તમામ ઘટના ઝઝૂફમાં કેદ થઈ છે. લૂંટારાએ પિસ્ટલ બતાવી પરંતુ દુકાનદારે કંઈ ન બન્યું હોય તેમ પ્રતિક્રિયા આપી. જે બાદમાં પ્રતિકાર કરતા લૂંટારું ભાગી ગયો હતો. હાલ પોલીસની પૂછપરછમાં અનેક ખુલાસા સામે આવ્યા છે. જ્વેલર્સ શોરુમના વેપારીના પ્રતિકાર બાદ આરોપીએ જાહેરમાં રિવોલ્વર બહાર કાઢી હતી. જે જોઈને આસપાસના લોકો પાછળ દોડતાં આરોપીએ જાહેરમાં ભાગતા ભાગતા ફાયરિંગ કર્યું હતુ. મણિનગરના જાહેર રોડ પર લૂંટારાનો આ આતંક CCTVમાં કેદ થયો હતો. સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓનાં મતે લૂંટારું પહેલા પિસ્ટલ સાથે BRTS રૂટમાં પ્રવેશ્યો હતો. તે બાદ ટોળું પણ તેની પાછળ દોડ્યું હતું. જોકે, સદનસીબે લૂંટારાએ હવામાં ફાયરિંગ કર્યું હતું. લૂંટારાના આ બનાવમાં જાનહાનિ થઈ હોત તો કોણ જવાબદાર હોત. સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના મતે લૂંટારાએ ફાયરિંગ કરીને BRTS રેલિંગ કુદીને બીજી તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો.

### પિતાનું મોત, આરોપી પુત્ર ફરાર

# નજીવી બાબતે બોલાચાલી થતાં પુત્રએ પિતાને ઝીંકી દીધા દાંતરડાના ઘા

। અમદાવાદ, તા.૧૬ ।

બોટાદ જિલ્લામાંથી ગઈકાલે એક ગુનાખોરીની વિચિત્ર ઘટના સામે આવી છે, અહીં પિતા પુત્રની લડાઈમાં પુત્રએ પોતાના સગા બાપને મોતને ઘાટ ઉતારી દીધો છે, આ અંગે મૃતકના ભત્રીજાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, હાલમાં પોલીસ પકડથી આરોપી દુર છે. મળતી માહિતી પ્રમાણે, બોટાદ જિલ્લા ગઈકાલે હત્યાની ઘટના ઘટી છે, જિલ્લાના ગઢડાના પીપળ ગામમાં પિતા પુત્રને કોઈ વાતને લઈને બોલાચાલી થઈ હતી, આ બોલાચાલી બાદ પીપળ ગામના જ પરિવારમાં મોતનો માતમ છવાઈ ગયો, કેમ કે ખુદ પુત્રએ પોતાના પિતાને દાંતરડાના ઘા મારી દીધા અને આ કારણે તેના પિતા મોતને ઘાટ ઉતરી ગયા હતા. ખાસ વાત છે કે, પીપળ ગામમાં રહેતો આ પરિવાર મૂળ મધ્યપ્રદેશનો છે અને કામ-મજૂરી અર્થે અહીં આવ્યો હતો, અહીં આ પરિવાર મજૂરી કરીને ગુજરાન ચલાવતો હતો. પિતાની હત્યા કર્યા બાદ આરોપી પુત્ર ફરાર થઇ ગયો હતો. હત્યાની ઘટના અંગે મૃતકના ભત્રીજાએ ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીની પકડવાની અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. રાણપુર તાલુકાના ઉમરાળા ગામે ૨૦ વર્ષીય યુવતીએ આપઘાત કર્યો છે. કોલેજમાં અભ્યાસ કરતી ૨૦ વર્ષીય યુવતીએ તારીખ ૨૭ જુલાઈના રોજ આપઘાત કર્યો હતો. જો કે, મૃતક યુવતી દ્વારા લખવામાં આવેલી સુસાઇડ નોટ બહાર આવતા તારીખ ૨ ઓગષ્ટના રોજ રાણપુર પોલીસ સ્ટેશનમાં યુવતીના પિતાએ ફરિયાદ નોંધાવી છે. ધોરણ ૮ માં અભ્યાસ કરતી હતી તે સમયથી લઈ કોલેજ સુધી હેરાન કરતા વિજય નામના યુવકના કારણે આપઘાત કર્યો હોવાની હકિકત સામે આવી છે.



ખમાસા પાસે પારસી અગિયારીમાં પારસી કોમ્યુનિટીના નવા વર્ષ નિમિત્તે નવરોજ મુબારક કરવામાં આવ્યું હતું.

## ઘરમાં બેઠેલા ૭૫ વર્ષીય વૃદ્ધાને દીપડો ઉઠાવી ગયો

। ગીર સોમનાથ, તા.૧૬ ।

ગીર સોમનાથમાં આદમખોર દીપડાનો આતંક વધ્યો છે. દીપડાના હુમલામાં વધુ એક વૃદ્ધાનું મોત નિપજ્યું છે. સુત્રાપાડાના મોરડિયા ગામમાં આદમખોર દીપડાનો આતંક સામે આવ્યો છે. મોરડિયા ગામમાં દીપડો ૭૫ વર્ષીય વૃદ્ધાને ઉઠાવી ગયો હતો. ઘરમાં બેઠેલા વૃદ્ધાને દીપડો ઉઠાવી ગયો હતો. વૃદ્ધાએ બુમાબુમ કરતાં દીપડો વાડીમાં છોડી ફરાર થઈ ગયો હતો. પરિવારજનોની સામે જ દીપડો વૃદ્ધાને ઉઠાવી ગયો હતો. ૨૪ કલાકમાં ગામમાં દીપડાએ ૩ લોકો પર હુમલા કર્યા છે. ૨૪ કલાકમાં દીપડાના હુમલામાં ૨નાં મોત નિપજ્યા છે, જ્યારે ૧ ઘાયલ છે. મટાણા, મોરડિયા ગામમાં દીપડાનો આતંક વર્તાઈ રહ્યો છે. ગઈકાલે મટાણા ગામમાં દીપડાના બે લોકો પર હુમલા હતા. માનવ લોહી તરસ્યો દીપડોને લીધે બે ગામમાં દહેશત જોવા મળી રહી છે. દીપડાના હુમલાથી વધુ એક વૃદ્ધાનું મોત નિપજ્યું છે. મોડીરાત્રે સુત્રાપાડાના મોરડીયા ગામે દીપડાએ ૭૫ વર્ષની વૃદ્ધ પર હુમલો કર્યો હતો. વૃદ્ધ મહિલા તેમના ઘરે ઓસરીમાં બેઠા હતા ત્યારે આદમખોર દીપડો તેમને ઉઠાવી ગયો હતો.

## ભરૂચના હાંસોટ નજીક બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત

। ભરૂચ, તા.૧૬ ।

બેફામ ડ્રાઈવિંગને કારણે સમગ્ર રાજ્યભરમાં અકસ્માતની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, અકસ્માતને કારણે અનેક લોકો મોતને ભેટી રહ્યાં છે, ત્યારે ભરૂચના હાંસોટમાંથી એક અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. હાંસોટ નજીક બે કાર વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ૪ મહિલા સહિત પાંચ લોકોના મોત થયા છે. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત અંગેની મળતી માહિતી અનુસાર, ભરૂચના હાંસોટ તાલુકાના અલવા ગામ પાસે બે કાર સામ સામે જોરદાર અથડાઈ હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે, કારમાં બેસેલા ૫ વ્યક્તિના ઘટના સ્થળે મોત થયા હતા.

## ધારુકા કોલેજમાં આવેલી સ્કૂલનો સ્લેબ થયો ધરાશાયી

। સુરત, તા.૧૬ ।

આજે ૧૫મી ઓગસ્ટે સમગ્ર દેશમાં આઝાદીના પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ગુજરાતમાં સુરતમાં એક મોટી દુર્ઘટના બની હોવાની માહિતી સામે આવી છે. સુરત શહેરની ધારુકા કોલેજમાં સ્લેબ ધરાશાયી થયો હતો. આ ઘટનામાં ત્રણ લોકો દટાયા હતા જે પૈકીના બે લોકોના મોત થયા છે. મળતી માહિતી અનુસાર, આજે સવારના સમયે ધારુકા કોલેજમાં અચાનક સ્લેબ ધરાશાયી થયો હતો. રિપેરિંગ કામ કરતા સમયે સ્લેબ ધરાશાયી થતાં કાટમાળમાં ચાર શ્રમિકો દટાયા હતા. જેમાં બે શ્રમિકોના મોત થયા હતા જ્યારે અન્ય શ્રમિકોને રેસ્ક્યુ કરીને બહાર કઢાયા હતા અને તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. આ ઘટના અંગે જાણ કરાતાં જ નજીકના વિસ્તારમાંથી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને કાટમાળ નીચેથી ત્રણેય શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ત્રણેય શ્રમિકોને ૧૦૮ એમ્બુલન્સ દ્વારા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સુરતમાં કાપોદ્રા વિસ્તારમાં આવેલી ધારૂકા કોલેજ કમ્પાઉન્ડમાં જ એક શાળા આવેલી છે. કોલેજમાં જ આવેલી આ સ્કૂલ જર્જરિત હોવાના પગલે તેનું સમારકામ ચાલી રહ્યુ હતુ. શાળાની બહારના ભાગમાં સમારકામ કરવામાં આવી રહ્યુ હતુ. જો કે સમારકામ દરમિયાન શાળાનો એક સ્લેબ ધરાશાયી થઈ ગયો હતો. જેના કાટમાળ નીચે ત્રણ શ્રમિકો દટાયા હતા. આ ઘટનામાં ૨ શ્રમિકોનું મોત થયું છે. બીજી તરફ બનાવની જાણ થતા પોલીસ કર્મચારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા.


# દ્વારકામાં પીકઅપ વાન ડિવાઇડર પર ચઢી જતાં ૧૦ ઘાયલ

### બનાસકાંઠા કાંકરેજના ખીમાણા-રાધનપુર હાઇવે પર અકસ્માત સર્જાયો હતો, જેમાં કારચાલકે બાઇકને ટક્કર મારી હતી

। દ્વારકા, તા.૧૬ ।

રાજ્યમાં સતત અકસ્માતના બનાવો વધી રહ્યા છે. રોડ અકસ્માતમાં લોકો જિંદગી ગુમાવી રહ્યા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થતાં હોવાના સમાચાર પણ સામે આવતાં હોય છે, ત્યારે વધુ બે અકસ્માતની ઘટના બની છે. દ્વારકા-ખંભાળિયા હાઈવે પર સર્જાયેલા એક અકસ્માતમાં ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે, પીકઅપ વાન ડિવાઈડર સાથે ટકરાતાં અકસ્માત સર્જાયો હતો. જ્યારે બનાસકાંઠાના કાંકરેજમાં નશામાં ધૂત કારચાલકે અકસ્માત સર્જાયો હતો.

કારની ટક્કરે બાઈક પર સવાર બે લોકોને ઈજા પહોંચી છે. દ્વારકા ખંભાળિયા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પીકઅપ વાન ડિવાઈડર સાથે ટકરાતાં ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મોવાણના પાટીયા પાસે સર્જાયો અકસ્માત



સર્જાયો હતો. અકસ્માતમાં ઘાયલ ૧૦માંથી ૫ લોકોને વધુ સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં રિફર કરાયા છે. અકસ્માતને પગલે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ, આ અકસ્માતની તસવીરો પણ ચોંકાવનારી છે. જેમાં જોઈ શકાય છે કે, કેવી રીતે પીકઅપ વાન રસ્તાની વચ્ચો વચ્ચ ડિવાઈડર પર ચડી ગઈ છે અને તેનો આગળનો ભાગ ડિવાઈર સાથે અથડાયો છે. હાલ પોલીસે અકસ્માત મામલે વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા કાંકરેજના ખીમાણા-રાધનપુર હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારચાલકે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં બાઈક પર સવાર બે લોકોને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાઈક સવાર બે યુવકોને સારવાર માટે પાટણ ખસેડાયા હતા. કારચાલક દારૂ પીધેલી હાલતમાં હોવાનું સામે આવ્યું છે. કારમાં દારૂની બોટલો હોવાનો વીડિયો વાયરલ થયો છે. પોલીસે નશાની હાલતમાં રહેલા કારચાલકની અટકાયત કરી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સતત અકસ્માતની ઘટનાઓ જોવા મળી રહી છે. ખાસ કરીને નશાખોર વાહનચાલકોનો આતંક વધી રહ્યો છે. નશાની હાલતમાં વાહન હંકારી અકસ્માત સર્જતા હોય તેવી ઘટનાઓ રોજબરોજ સામે આવી રહી છે. પોલીસ દ્વારા ડ્રાઈવ યોજી આવા નશાખોર વાહનચાલકોને પકડી પાડી શબક શીખવાડમાં આવે છે, પરંતુ તેમ છતાં આવા વાહનચાલકોને જાણે પોલીસ અને કાયદાનો ડર ન હોય તેમ અન્ય વાહનચાલકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

## લોકોએ સતર્કતાથી લૂંટારુને ઝડપી પાડી કર્યો પોલીસને હવાલે

। અમદાવાદ, તા.૧૬ ।

શહેરનાં મણિનગર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા સામે સવાલ ઉભા થાય તેવો બનાવ પ્રકાશમાં આવ્યો છે. લૂંટારૂ બિન્દાસ્ત પિસ્તોલ લઈને જ્વેલર્સની દુકાનમાં ઘુસી જાય છે. પિસ્તોલ બતાવીને લૂંટનો પ્રયાસ કરે છે. દુકાનદારે પ્રતિકાર કરતા લૂંટારૂ ફરાર થવાનો પ્રયાસ કરે છે. જોકે, યુવાનના હાથમાં પિસ્તોલ જોઈને લોકોએ સતર્કતા વાપરીને તેને ઝડપી લીધો હતો. પરંતુ આ દરમિયાન લોકોને ગભરાવવા માટે તેણે એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યુ હતુ. પરંતુ લોકોએ ડર્યા વગર તેનો સામનો કર્યો અને ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. શહેરનાં મણિનગર વિસ્તારમાં સદનસીબે મોટો બનાવ બનતા અટકી ગયો છે. લૂંટનો પ્રયાસ કરીને ભાગેલા લૂંટારૂને પકડવા માટે સ્થાનિકોનું ટોળું તેની પાછળ પડ્યું હતુ. જે જોઈને લૂંટારું ગભરાઈ ગયો હતો અને લૂંટારૂએ હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતુ. લોકોએ તેનો પીછો ના છોડ્યો અને ઝડપીને પોલીસ હવાલે કરી દીધો. લૂંટારૂ લૂંટનાં ઈરાદે જ્વેલરની દુકાનમાં ઘૂસ્યો હતો.


**વિશેષ લેખ** ચંદ્રયાન ૧૮ અને ૨૦ ઓગસ્ટના રોજ ડિઓર્બિટ કરશે । આ પછી ૨૩ ઓગસ્ટે ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર ઉતરવાનો પ્રયાસ કરશે


# ૧૭ ઓગસ્ટે ચંદ્રયાનનું પ્રોપલ્શન મોડલ અને લેન્ડર મોડલ એકબીજાથી અલગ થશે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ






ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટીની ખૂબ નજીક પહોંચી ગયું છે. ૯ દિવસ પછી ચંદ્રયાન-૩ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાણ કરવાનો પ્રયાસ કરશે. હવે ચંદ્રયાનને ચંદ્રની સપાટી પર પહોંચતા પહેલા કેટલાક મહત્વપૂર્ણ માઈલસ્ટોન પાર કરવાના છે. ૧૭ ઓગસ્ટે ચંદ્રયાનનું પ્રોપલ્શન મોડલ અને લેન્ડર મોડલ એકબીજાથી અલગ હશે. ચંદ્રયાન ૧૮ અને ૨૦ ઓગસ્ટના રોજ ડિઓર્બિટ કરશે. આ પછી ૨૩ ઓગસ્ટે ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર ઉતરવાનો પ્રયાસ કરશે. ચંદ્રયાન-૩ લોન્ચ થયા બાદથી સતત ચંદ્ર અને પૃથ્વીની તસવીરો મોકલી રહ્યું છે.

અવકાશમાં હોવા છતાં, ચંદ્રયાન-૩ ઈસરોને પળે પળની માહિતી મોકલવાનું ચાલુ રાખે છે. ઈસરો પણ ચંદ્રયાન-૩ પર સતત નજર રાખી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, પૃથ્વીથી ચંદ્રનું અંતર લગભગ ૩ લાખ ૮૪ હજાર કિમી છે. સવાલ એ છે કે, ઈસરો આટલા દૂરનું અંતર હોવા છતા ચંદ્રયાન પર કેવી રીતે નજર રાખે છે. ISRO માત્ર ટેલિમેટ્રી, ટ્રેકિંગ અને ISTRAC તરીકે ઓળખાતા કમાન્ડ નેટવર્કની મદદથી ચંદ્રયાન પર નજર રાખે છે. આ નેટવર્ક બેંગલુરુમાં આવેલું છે, જેના દ્વારા ISRO ચંદ્રયાનની ગતિ, દિશા અને તેના હેલ્થ પર નજર રાખે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચંદ્રયાન-૩ જ્યારે ઈચ્છે ત્યારે ઈસરોનો સંપર્ક પણ કરી શકે છે. ચંદ્રયાન-૩ પ્રોપલ્શન મોડલની મદદથી ઈસરોનો સંપર્ક કરે છે. ચંદ્રયાન-૩ પ્રોપલ્શન મોડલની મદદથી લેન્ડરમાં લગાવેલા કેમેરા દ્વારા કેપ્ચર કરાયેલ ચંદ્ર અને પૃથ્વીની તસવીરો ઈસરોને મોકલવામાં આવે છે. ૧૭ ઓગસ્ટે ચંદ્રયાનનું પ્રોપલ્શન મોડલ અને લેન્ડર મોડલ એકબીજાથી અલગ થઈ જશે. પ્રોપલ્શન મોડલનું કામ ચંદ્ર પરથી એકત્ર કરાયેલી તસવીરો અને તથ્યોને સિગ્નલ દ્વારા ઈસરોને મોકલવાનું છે.

ચંદ્રયાન-૩ મિશન હેઠળ ISRO ૨૩ ઓગસ્ટે સાંજે ૫:૪૫ વાગ્યે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે. ચંદ્રયાન-૩ તેની સાથે લેન્ડર અને રોવર લઈ ગયું છે. લેન્ડર ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરશે અને સફળ ઉતરાણ પછી, રોવર ચંદ્રની સપાટી પર રસાયણોની શોધ કરશે. વૈજ્ઞાનિકો ચંદ્ર પર હાજર રસાયણોનો અભ્યાસ કરશે અને પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના સંબંધને સમજવાનો પ્રયાસ કરશે.

૫ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટની વચ્ચે ચંદ્રયાન-૩ ચંદ્રની ભ્રમણકક્ષામાં ધીરે ધીરે આગળ વધી રહ્યું છે અને ચંદ્રની સપાટીની નજીક પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે. ૧૭ ઓગસ્ટે ચંદ્રયાન-૩ ચંદ્રની ૧૦૦ કિમીની ભ્રમણકક્ષામાં આવશે. તે જ દિવસે પ્રોપલ્શન મોડલ અને લેન્ડર મોડલ એકબીજાથી અલગ થઈ જશે. આ પછી, ૧૮ થી ૨૦ ઓગસ્ટ સુધી, લેન્ડર મોડલ તેની ગતિ ઘટાડશે અને ડી-ઓર્બિટ કરવાનો પ્રયાસ કરશે. આ પછી ચંદ્રયાન-૩ 100×30 કિમીની ભ્રમણકક્ષામાં પહોંચશે. જો ચંદ્રયાન-૩ આ તમામ સ્તરોને પાર કરી લેશે, તો ૨૩ ઓગસ્ટે સાંજે ૫:૪૫ કલાકે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે.

ચંદ્રયાન-૩ના થ્રસ્ટર્સ ચાલુ કરી દેવામાં આવ્યા હતા. અગાઉ ૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ, જ્યારે ચંદ્રયાન-૩ ચંદ્રની પ્રથમ ભ્રમણકક્ષામાં પહોંચ્યું હતું, ત્યારે તેણે ચંદ્રની પ્રથમ તસવીરો જાહેર કરી હતી. હવે ઈસરો વધુ એક ઓપરેશન પાર પાડી રહ્યું છે. આ પછી, ૧૭ ઓગસ્ટે, ચંદ્રયાન ૩ ના પ્રોપલ્શન મોડ્યુલ અને લેન્ડર મોડ્યુલને અલગ કરવામાં આવશે. આ પછી ડી-ઓર્બિટીંગની કવાયત શરૂ કરવામાં આવશે. ૧૮ થી ૨૦ ઓગસ્ટની વચ્ચે ડીઓર્બીટીંગ થશે એટલે કે, ચંદ્રની ભ્રમણકક્ષાનું અંતર ઘટી જશે. ચંદ્રયાનનું સોફ્ટ લેન્ડિંગ ૨૩ ઓગસ્ટની સાંજે લગભગ ૫.૪૭ કલાકે કરવામાં આવશે

**ન્યૂઝ બ્રિફ**

## સતુલજ-વ્યાસ નદીના પૂરનાં પાણી સેંકડો ગામમાં ફરી વળ્યા

| અમૃતસર, તા.૧૬ |

પંજાબમાં બુધવારે મહત્ત્વપૂર્ણ ભાખરા અને પોંગ ડેમના ગેટ ખોલી દેવાતા તોફાની બનેલી સતુલજ અને વ્યાસ નદીઓના કિનારે આવેલા સેંકડો ગામમાં પૂર આવી ગયું હતું. મૂશળધાર વરસાદને લીધે બંને જળશાયોમાં પાણીનો પ્રવાહ ચિંતાજનક રીતે વધી ગયો હતો. ગત ત્રણ દાયકામાં તેમના જળસંગ્રહ ક્ષેત્રો, ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ નોંધાયો હતો. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ટીમ પૂરમાં ફસાયેલા લોકોને સુરક્ષિત કાઢવાનો પ્રયાસ કરી રહી છે. અધિકારીઓએ કહ્યું કે વરસાદ ધીમો પડવાથી બંને ડેમના પાણીના પ્રવાહમાં ઘટાડો નોંધાયો છે જે રાહતની વાત છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનની સિંચાઈની જરૂરિયાતને પૂરી કરવા માટે બંને ડેમમાં પાણીનું સ્તર ઘટાડવાના ઉદ્દેશ્યથી તેના ફલડ ગેટ ખોલી નખાયા છે. ફલડ ગેટ ખોલવાને લીધે ખાસ કરીને પંજાબના રોપડ, આનંદપુર સાહિબ અને હોશિયારપુર, ફિરોજપુર જિલ્લા તથા હિમાચલના કાંગડા જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પંજાબમાં એક મહિનામાં બીજી વખત ગામમાં પૂર આવ્યું છે. તેનાથી ખેતરોમાં પાકને માઠી અસર થઈ છે.

## કોર્ટની મંજૂરી વિના વિદેશ જવા જેક્લિન ફર્નાન્ડીઝને પરવાનગી

| નવી દિલ્હી, તા.૧૬ |

બોલીવુડ અભિનેત્રી જેક્લિન ફર્નાન્ડિઝને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે મોટી રાહત આપી છે. સુકેશ ચંદ્રશેખર સાથે સબંધિત ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં જેક્લિન ફર્નાન્ડિઝને પૂર્વ અદાલતની કોઈ પણ મંજૂરી વિના વિદેશ યાત્રા પર જવાની પર્મિશન આપી દીધી છે. બીજી તરફ કોર્ટે જેક્લિન ફર્નાન્ડિઝની જામીન શરતોમાં પણ ફેરફાર કર્યો છે. જેક્લિનને દેશની બહાર યાત્રા કરવા પહેલા ઈડી અને અદાલતને ત્રણ દિવસ પહેલા જાણ કરવાની રહેશે. એનો અર્થ એ કે, જેક્લિન પોતાના કોઈ પ્રોજેક્ટ અંતર્ગત વિદેશ જાઈ તો તેણે કોર્ટની મંજૂરી લેવાની જરૂર નથી. માત્ર તેણે અદાલતને જાણ કરવાની રહેશે. કોર્ટે જણાવ્યું કે, જેક્લિન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. તેણે પોતાના કામ અંતર્ગત સતત વિદેશ યાત્રા કરવી પડે છે. તેથી તેણે વિદેશ જતા પહેલા તેની તમામ માહિતી આપવી પડશે. તેણે ત્યાં કેટલા દિવસ રહેવું પડશે અને ત્યાંનો એડ્રેસ અને ફોન નંબર પણ આપવો પડશે. ગત વર્ષે નવેમ્બરમાં જેક્લિન ફર્નાન્ડિઝને મની લોન્ડરિંગ મામલે જામીન મળી ગયા હતા. પરંતુ જામીન એ શરત પર મળ્યા હતા કે, તે કોર્ટની મંજૂરી વિના દેશની બહાર ન જઈ શકશે.

## અજિત એટલા મોટા નેતા નથી કે શરદ પવારને ઓફર કરે : રાઉત

| મુંબઈ, તા.૧૬ |

મહારાષ્ટ્રના રાજકારણમાં સતત ઉથલપાથલ ચાલી રહી છે. અજિત પવારે તેમના કાકા શરદ પવારને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન આપવાની ઓફર કરી હોવાનું કહેવાય છે. આ અહેવાલો પર ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે હવે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે અજીત એટલા મોટા નેતા નથી કે તેઓ શરદ પવારને ઓફર કરી શકે. સંજય રાઉતે કહ્યું કે અજિત પવારને શરદ પવારે બનાવ્યા હતા. એવું નથી કે ભત્રીજાએ કાકાને બનાવ્યા. તેમણે કહ્યું કે પવાર સાહેબે સંસદીય રાજકારણમાં ૬૦ વર્ષથી વધુ સમય પસાર કર્યો છે. આ ઉપરાંત તેઓ ચાર વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમનું જે કદ છે તે ખુબ મોટું છે. રાઉતે વધુમાં કહ્યું કે અજિત પવાર એટલા મોટા નથી બન્યા કે શરદ પવારને કોઈ ઓફર કરી શકે. સંજય રાઉતે સોમવારે નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરીનું નામ બદલીને પ્રધાનમંત્રી મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી સોસાયટી કરવા પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે તેમની પાસે બીજું શું બાકી છે?

### નબળી શરૂઆત બાદ માર્કેટમાં રિકવરી જોવા મળી

# સેન્સેક્સમાં ૧૩૮, નિફ્ટીમાં ૩૦ પોઈન્ટનો સામાન્ય ઊછાળો

## બેન્ક અને મેટલ શેરોને છોડી દઇએ તો તમામ સેક્ટોરિયલ ઇન્ડેક્સ લીલા નિશાનમાં કામ કરી રહ્યાં

| મુંબઈ, તા.૧૬ |




આજે માર્કેટમા સામાન્ય ચાલ જોવા મળી, દિવસના અંતે માર્કેટમાં સામાન્ય વધારા સાથે બંધ રહ્યું, સેન્સેક્સ અને નિફ્ટી બન્ને ઈન્ડેક્સમાં મામૂલી તેજી જોવા મળી. આજે કમજોર શરૂઆત બાદ માર્કેટમાં રિક્વરી જોવા મળી અને દિવસના અંતે સેન્સેક્સ ૦.૨૧ ટકા અને ૧૩૭.૫૦ પૉઈન્ટના ઉછાળા સાથે ૬૫,૫૩૯.૪૨ ના સ્તર પર બંધ રહ્યો હતો, તો વળી, નિફ્ટી પણ સામાન્ય અપ રહ્યો હતો, નિફ્ટી ઈન્ડેક્સ ૦.૧૬ ટકા સાથે ૩૦.૪૫ પૉઈન્ટ ઉછળીને ૧૯,૪૬૫.૦૦ પર બંધ રહ્યો હતો. આજે દિવસના કારોબારમાં ભારે ઉતાર ચઢાવ જોવા મળ્યો. બેક્ન અને મેટલ શેરોને છોડી દઈએ તો તમામ સેક્ટૉરિયલ ઈન્ડેક્સ લીલા નિશાનમાં કામ કરી રહ્યાં હતા. પાવર રિયલ્ટી, આઈટી ફાર્મા અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૦.૫ ટકાની લીડ સાથે દેખાયા તો વળી, એપોલો હોસ્પિટલ્સ, ઈન્ફોસિસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, એનટીપીસીએ અને લાર્સન અને લાર્સન એન્ડ ટુબ્રો નિફ્ટીના ટૉપ ગેનર રહ્યાં. જ્યારે બીજીબાજુ ટાટા સ્ટીલ, એચડીએફસી લાઈફ, હિરો મોટોકોર્પ, અદાણી પોર્ટસ અને હિન્દાલકો ઈન્ડસ્ટ્રીસ ટૉપ લૂઝર છે. આ સપ્તાહે સતત બીજા દિવસે ભારતીય શેરબજાર નીચલા સ્તરેથી રિકવર થયા બાદ લીલા નિશાનમાં બંધ થયું છે. આજે પણ સેન્સેક્સ ૧૬૨ પોઈન્ટના ઘટાડા સાથે ખુલ્યો હતો. અને એક સમયે સેન્સેક્સમાં ૩૬૮ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૫ પોઈન્ટ ઘટીને ખુલ્યો હતો અને ૧૧૭ પોઈન્ટ નીચે સરકી ગયો હતો. પરંતુ બજાર બંધ થવાના છેલ્લા એક કલાકમાં થયેલી ખરીદીને કારણે સેન્સેક્સ ૧૩૭ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૫૩૯ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૦ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૪૬૫ પોઈન્ટ પર બંધ થયો છે. આજના કારોબારમાં ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મીડિયા, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો તેજી સાથે બંધ થયા છે. જ્યારે બેક્કિંગ અને મેટલ્સ શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મીડિયા, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો તેજી સાથે બંધ થયા છે. જ્યારે બેક્કિંગ અને મેટલ્સ શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ ખરીદારી જોવા મળી હતી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૭ વધ્યા અને ૧૩ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૫ શેરો તેજી સાથે અને ૨૫ ઘટાડા સાથે બંધ થયા હતા. આજના કારોબારમાં અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૪૪ ટકા, એનટીપીસી ૨.૦૪ ટકા, ટાટા મોટર્સ ૧.૯૨ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૫૫ ટકા, પાવર ગ્રીડ ૧.૩૭ ટકા, મારુતિ સુઝુકી ૧.૧૩ ટકાના વધારા સાથે બંધ થયા હતા. જ્યારે ટાટા સ્ટીલ ૧.૯૦ ટકા, ભારતી એરટેલ ૧.૧૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૮૬ ટકા, એક્સિસ બેક્ન ૦.૬૭ ટકા ઘટીને બંધ થયા હતા. આજના કારોબારમાં બજારના નીચલા સ્તરેથી રિકવરી આવ્યા બાદ રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૦૪.૩૬ લાખ કરોડ પર બંધ થયું છે, જે અગાઉના સત્રમાં ઘટીને ઇં૩૦૩.૬૭ બિલિયન થયું હતું. એટલે કે આજના વેપારમાં માર્કેટ કેપમાં રૂ. ૬૯,૦૦૦કરોડનો ઉછાળો આવ્યો છે. બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૦૪.૩૬ લાખ કરોડ પર બંધ થયું છે, જે અગાઉના સત્રમાં ઘટીને ઇં૩૦૩.૬૭ બિલિયન થયું હતું. એટલે કે આજના વેપારમાં માર્કેટ કેપમાં રૂ. ૬૯,૦૦૦કરોડનો ઉછાળો આવ્યો છે.

### સુકમા જિલ્લો નક્સલીઓના નામથી ઓળખાતો હતો

# છત્તિસગઢ રાજ્યના એક ગામને આઝાદીના ૭૭ વર્ષે વીજળી મળી

## એલમાગુંડા ગામ એ વાતનો પુરાવો છે કે, અહીં આઝાદી બાદ પહેલી વખત વીજળી સેવા પહોંચી શકી છે, લોકોએ પહેલી વખત બલ્બની રોશની આંખોથી જોઈ

| સુકમા, તા.૧૬ |

છત્તીસગઢનો સુકમા જિલ્લો એક સમયે નક્સલીઓના નામથી ઓળખાતો હતો. પરંતુ હવે જિલ્લામાં વિકાસની નવી કહાની લખાઈ રહી છે. નક્સલ જિલ્લાના ઘોર નક્સલ પ્રભાવિત એલમાગુંડા ગામના ગ્રામીણોને સ્વતંત્રતા દિવસ પર એક નવી ભેટ મળી છે. અહીંના લોકોને આઝાદીના ૭૭ વર્ષ બાદ વીજળી નસીબ થઈ છે. લોકોએ પહેલી વખત બલ્બની રોશનીથી આઝાદીને પોતાની આંખોથી જોઈ છે.



છત્તીસગઢ સરકારની વિકાસ, વિશ્વાસ અને સુરક્ષાની થીમ પર કામ કરીને જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા પોલીસ અને સીઆરપીએફના અથાક પ્રયાસોને કારણે એલમાગુંડા ગામમાં આઝાદી બાદ પ્રથમ વખત વીજળી સેવા શરૂ થઈ છે.

નક્સલ પ્રભાવિત એલમાગુંડા ગામમાં વીજળી સેવા પહોંચતા જ ગ્રામીણોની ખુશીનું ઠેકાણું ન રહ્યું. આ ગામમાં આ જ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં સુરક્ષા દળોનો કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદથી ગામ સુધી મૂળભુત સુવિધાઓ પહોંચાડવા સીઆરપીએફ, જિલ્લા પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુક્તરીતે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો અને હવે ગામમાં વીજળી પહોંચવાથી ગ્રામીણોનો વિશ્વાસ પણ સરકારી વહીવટી તંત્ર અને સુરક્ષા દળો પ્રતિ વધી ગયો છે. સુકમા જિલ્લાના કેટલાક ગામ નક્સલ પ્રભાવિત અને સંવેદનશીલ છે. જોકે, સુરક્ષા દળોના જવાનો દ્વારા વહીવટી તંત્ર અને પોલીસના સંયુક્ત પ્રયત્નોથી ગ્રામીણો સાથે સારા સબંધો સ્થાપિત કરવા તમામ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. જેના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં કેમ્પ સ્થાપિત કરવાની સાથે જ તે વિસ્તારમાં લોકોની પાયાની જરૂરિયાતોને પહોંચાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે.

એલમાગુંડા ગામ એ વાતનો પુરાવો છે કે, અહીં આઝાદી બાદ પહેલી વખત વીજળી સેવા પહોંચી શકી છે. નક્સલ વિસ્તારોમાં લોકો સુધી સરકારની યોજના પહોંચાડવા અહીં ઝઈહ્વ, જિલ્લા પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર સંયુક્ત રીતે સારા તાલમેલ સાથે કામ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં લોકો સુધી શિક્ષણ અને આરોગ્ય સેવા ગ્રામીણો સુધી યોગ્ય રીતે પહોંચાડવામાં આવી છે. હવે વીજળી સેવા પહોંચાડીને ગ્રામીણોમાં વિશ્વાસ વધારવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

### પ્રેમીએ સાથે રહેવાનો ઈનકાર કરતા મહિલાનું કારનામું

# બદલો લેવા મહિલાએ પ્રેમીના ૧૧ વર્ષના પુત્રની હત્યા કરી

## દિલ્હીની ક્રાઈમ બ્રાન્ચે આરોપી મહિલાની ધરપકડ કરી, આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી મહિલા નિહાલ વિસ્તારમાં

| નવી દિલ્હી, તા.૧૬ |

પ્રેમીના ૧૧ વર્ષીય પુત્રની ગળું દબાવી હત્યા કરીને મૃતદેહને બેડની અંદર છુપાવી દેવા મામલે દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આરોપી મહિલાની મંગળવારે ધરપકડ કરી લીધી હતી. પ્રેમીએ આરોપી મહિલા સાથે રહેવાનો ઈનકાર કરી દીધો હતો. આવી સ્થિતિમાં મહિલાએ પ્રેમી સાથે બદલો લેવા માટે આ ઘટનાને અંજામ આપ્યો હતો. હાલમાં પોલીસ આરોપી મહિલાની પૂછપરછ કરી રહી છે. સ્પેશિયલ કમિશનર ક્રાઈમ બ્રાન્ચ રવિન્દ્ર સિંહ યાદવે જણાવ્યું કે, ઈન્દ્રપુરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૦ ઓગષ્ટના રોજ એક ૧૧ વર્ષીય બાળકનો મૃતદેહ ઘરના બેડની અંદરથી મળ્યો હતો. શરૂઆતી પૂછપરછમાં વિકાસ નગરના સન્ડે બજાર રોડની રહેવાસી પૂજા નામની મહિલા પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી. સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસમાં જણાવા મળ્યું કે, બાળકના ઘરે છેલ્લી વખત પૂજા જગઈ હતી. આ મામલાની તપાસ માટે ડીસીપી સતીષ કુમારની દેખરેખ હેઠળ એસપી રાજ કુમાર



અને અભિજીત કુમારના નેતૃત્વમાં પોલીસ ટીમનું ગઠન કરવામાં આવ્યું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, પૂજા અને બાળકના પિતા જિતેન્દ્ર લિવ-ઈન રિલેશનમાં હતા.

પોલીસ ટીમે ૩૦૦થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કર્યા. આ દરમિયાન જાણવા મળ્યું કે, આ ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી મહિલા નિહાલ વિસ્તારમાં છે. તે આધાર પર કાર્યવાહી કરતા આરોપી મહિલાની ધરપડ કરી લેવામાં આવી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ૧૭ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ પૂજા અને જિતેન્દ્રએ આર્ય સમાજ મંદિરમાં લગ્ન કર્યા હતા. જિતેન્દ્ર પહેલાથી જ વિવાહિત હતો અને તેનો એક પુત્ર પણ હતો. આવી સ્થિતિમાં જિતેન્દ્રએ પૂજાને આશ્વાસન આપ્યું કે, તે પોતાની પત્નીને ડિવોર્સ આપ્યા બાદ તેની સાથે કોર્ટ મેરેજ કરી લેશે. જિતેન્દ્ર અને પૂજા ભાડાના મકાનમાં સાથે રહેતા હતા. આ દરમિયાન પત્ની સાથે ડિવોર્સની વાત પર બંને વચ્ચે ઝઘડો થવા લાગ્યો. થોડા સમય બાદ જિતેન્દ્રએ પોતાની પત્ની સાથે ડિવોર્સ લેવાનો ઈનકાર કરી દીધો અને ડિસેમ્બર ૨૦૨૨થી તે ફરીથી તેની પત્ની સાથે રહેવા લાગ્યો. આ કારણે પૂજા જિતેન્દ્રથી નારાજ થઈ ગઈ અને તેને લાગ્યું કે, તેનો પુત્ર બંનેના લગ્ન વચ્ચેનો કાંટો છે. આવી સ્થિતિમાં તેણે જિતેન્દ્રના પુત્રની હત્યા કરી નાખી.




અફઘાનિસ્તાન અને મધ્ય એશિયન એસોસિએશને અફઘાનિસ્તાનના લોકો સાથે એકતામાં, તાલિબાન સરકારનો વિરોધ કરવા અને અફઘાનિસ્તાનમાં તાલિબાનના પુનરાગમનના બે વર્ષને ચિહ્નિત કરવા માટે સંસદની બહાર શાંતિપૂર્ણ વિરોધનું આયોજન કર્યું છે.

### ગદર-૨ એ બોક્સ ઓફિસ પર તહેલકો મચાવ્યો

# ફિલ્મ ગદર-૨નું સ્વતંત્રતા દિને ૫૫.૪૦ કરોડનું બમ્પર કલેક્શન

## ગદર ૨ એ પાંચમા દિવસે વધુ કમાણી કરી છે : સ્વતંત્રતા દિવસે કલેક્શન કરીને ગદર ૨ એ ઈતિહાસ રચી દીધો

| મુંબઈ, તા.૧૬ |

ગદર ૨ એ બોક્સ ઓફિસ પર ગદર મચાવી દીધુ છે. સની દેઓલની ફિલ્મ બોક્સ ઓફિસ પર દરરોજ રેકોર્ડતોડ કમાણી કરી રહી છે પરંતુ પાંચમા દિવસે ફિલ્મે જે કલેકશન કર્યુ છે, તે ફિલ્મ ક્રિટિક્સની કલ્પના કરતા પણ વધુ છે. ગદર ૨ એ સ્વતંત્રતા દિવસના હોલિડે એ ખૂબ કમાણી કરી. ફિલ્મે ૫૫.૪૦ કરોડનું કલેક્શન કર્યું છે. ગદર ૨ એ પાંચમા દિવસે સૌથી વધુ કમાણી કરી છે. સ્વતંત્રતા દિવસ પર તાબડતોડ કલેક્શન કરીને ગદર ૨ એ ઈતિહાસ રચી દીધો છે. શુક્રવારે ૪૦.૧૦ કરોડના ધમાકેદાર નંબર્સની સાથે ખાતુ ખોલનારી ગદર ૨ એ બીજા દિવસે ૪૩.૦૮ કરોડનું કલેક્શન કર્યુ. ત્રીજા દિવસે રવિવારે ફિલ્મે ૫૧.૭ કરોડ કમાઈને ગદર મચાવ્યુ. સની દેઓલની મૂવીએ ફર્સ્ટ મંડે ટેસ્ટ ફલાઈંગ નંબર્સની સાથે પાસ કર્યું. ચોથા દિવસની કમાણી ૩૮.૭ કરોડ રહી. ધૂંઆધાર બોક્સ ઓફિસ કલેક્શન શું હોય છે તે ગદર ૨ એ પાંચમા દિવસના બિઝનેસથી સાબિત કર્યુ. ગદર ૨ એ મંગળવારે (પાંચમા દિવસે) ૫૫.૪૦ કરોડ કમાયા. આ સાથે ફિલ્મનું પાંચમા દિવસનું કુલ કલેક્શન ૨૨૮.૯૮ કરોડ થઈ ગયુ છે. સની દેઓલની ફિલ્મ ૨૦૦ કરોડના ક્લબમાં એન્ટ્રી કરી ચૂકી છે. ફિલ્મનું આવુ શાનદાર કલેક્શન મેકર્સ, સ્ટારકાસ્ટ અને ચાહકો માટે મોટી ટ્રીટથી ઓછુ નથી. ૨૨ વર્ષ બાદ આવેલી સનીની ફિલ્મને જોરદાર રિસ્પોન્સ મળ્યો છે. સનીની મૂવી સૌથી ઝડપથી ૨૦૦ કરોડ કમાનારી ફિલ્મોમાં સામેલ થઈ ગઈ છે. બીજી બ્લોકબસ્ટર ફિલ્મો સાથે તુલના કરીએ તો પઠાણે ૪ દિવસમાં ૨૧૨.૫ કરોડ કમાયા હતા. કેજીએફ ૨ (હિંદી) એ ૫ દિવસમાં ૨૨૯ કરોડનું કલેક્શન કર્યુ હતુ.

# વર્લ્ડ કપ ફાઈનલમાં ભાવુક થઈ ગયો હતો : મહેન્દ્ર ધોની

| નવી દિલ્હી, તા.૧૬ |

ભારતીય ક્રિકેટ ટીમે છેલ્લે વર્ષ ૨૦૧૧માં મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. વર્લ્ડ કપની આ મેચ બધાને સારી રીતે યાદ છે. શ્રીલંકાએ આપેલા ૨૭૫ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે ૪૮.૨ ઓવરમાં ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. આ મેચમાં ધોનીએ મારેલી વિનિંગ સિક્સે બધાને તેના દિવાના બનાવી દીધા હતા. આજ સુધી ભારતીય ચાહકો એ સિક્સરને



ભૂલી શક્યા નથી. હાલમાં જ ચેન્નઈ સુપર કિંગ્સ ફ્રેન્ચાઈઝી દ્વારા પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં તે ૨૦૧૧ વર્લ્ડ કપની પોતાની ખાસ પળ વિશે જણાવી રહ્યો છે. વાયરલ વીડિયોમાં ધોનીએ જણાવ્યું હતું કે ૨૦૧૧ વર્લ્ડ કપની ફાઈનલ મેચ સમાપ્ત થવાના ૧૦થી ૧૫ મિનિટ પહેલા તે ભાવુક થઈ ગયો હતો. ધોનીએ કહ્યું કે ફાઈનલ દરમિયાન સૌથી સારી ક્ષણ મેચ પૂરી થવા પહેલાની હતી. જ્યારે ટીમને વધારે રનની જરૂર નહોતી, કારણ કે શાનદાર ભાગીદારી ચાલી રહી હતી. તે સમયે મેદાન પર ઘણું ઝાકળ પડ્યું હતું અને રનનો વરસાદ પડી રહ્યો હતો. વર્લ્ડ કપ ૨૦૧૧ની ફાઈનલ મેચ દરમિયાન સ્ટેડિયમમાં હાજર પ્રશંસકો વંદે માતરમ ગાવા લાગ્યા હતા. હું તે ક્ષણને અનુભવી શકતો હતો અને વર્લ્ડ કપ ૨૦૨૩માં તેને ફરીથી અનુભવવો મુશ્કેલ છે. જો બધું ૨૦૧૧ના વર્લ્ડકપ જેવું થાય અને સ્ટેડિયમમાં હાજર ૫૦થી ૬૦ હજાર દર્શકો એક જ જગ્યાએ ગીત ગાશે તો તેનું પુનરાવર્તન થઈ શકે છે. ધોનીએ વધુમાં જણાવ્યું કે મેચ પુરી થતા પહેલા તે ભાવુક થઈ ગયો હતો. તે ચાહકોને જીતની ભેટ આપવા માંગતો હતો. તેને ખાતરી હતી કે અહીંથી તેની મેચ હારવી મુશ્કેલ છે.

## તંત્રી લેખ...

# ઢોર નિયંત્રણ પોલીસી ૨૦૨૩ પાસ કે ફેલ ?

અમદાવાદમાં રખડતા પશુઓને લઈ નિયંત્રણ માટે ઢોર પોલિસી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી છે. ઢોર નિયંત્રણ પોલિસીને અમલીકરણ કરતા પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર નિયંત્રણ ત્રાસ અંકુશ વિભાગ (CNCD)એ પશુપાલકોને પોલીસી અંગે સમજ આપી હતી. જુલાઈ મહિનામાં ૧૨૮૧ જેટલા ઢોર પકડ્યા છે. જોકે રોજના ૫૦થી પણ ઓછા ઢોર પકડવામાં આવતા સીએનસીડી વિભાગની કામગીરી સામે સવાલ ઉભા થયા છે. ઢોર નિયંત્રણ પોલિસી અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઢોર માલિકો અને સમજણ પણ આપવામાં આવી રહી છે છતાં પણ રોજના અનેક ઢોર રસ્તા ઉપર જોવા મળી રહ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા ઢોર નિયંત્રણ પોલિસી અંતર્ગત ઢોર માલિકોને ઢોર નિયંત્રણ પોલિસી અંગે જણાવવામાં આવી રહ્યું છે. સીએનસીડી વિભાગનો હવાલો સંભાળતા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મિહિર પટેલે જણાવ્યું હતું કે રખડતા ઢોર નિયંત્રણ પોલિસી ૨૦૨૩ અંતર્ગત વ્યાવસાયિક અથવા વ્યક્તિગત પશુ રાખવા માટે થઈને પરમીટ-લાયસન્સ લેવું ફરજિયાત છે. પોતાની માલિકીની જગ્યામાં જ ઢોર રાખી શકાશે. RFID રજિસ્ટ્રેશન ફરજિયાત છે. સમગ્ર બાબતો અંગે તેઓને સમજણ આપવામાં આવી રહી છે. ઢોર નિયંત્રણ પોલિસી લાગુ કરવામાં આવી રહી છે. જેમાં સેન્ટરો ઉપર ઢોર માલિકો દ્વારા રજીસ્ટ્રેશનથી લઈને લાયસન્સ-પરમિટ મેળવવા માટે થઈને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા સોફ્ટવેર તૈયાર કરવામાં આવી રહ્યું છે.

પોલીસી લાગુ કરતા પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્તમાન પત્રોમાં જાહેરાત આપી અને પશુપાલકોએ શું કરવાનું રહેશે અને કેવી રીતે ઢોર રાખવાના રહેશે તે તમામ બાબતો જણાવવામાં આવી છે. સ્માર્ટ સીટી કંટ્રોલરૂમ મારફતે પશુઓના હોટસ્પોટની માહિતી અને ફોટો મોકલવામાં આવ્યા હતા તેના આધારે એક વર્ષમાં ૨૫૮૨ જેટલા ઢોર પકડવામાં આવ્યા છે. જાહેર સ્થળો અને રોડ ઉપર કુલ ૧૨૬ જેટલી જગ્યાઓ ઉપર એલઈડી સ્ક્રીન મારફતે રખડતા ઢોર નિયંત્રણ પોલિસી અંગે પશુ માલિકોને નોટિસ બાબતેની માહિતી આપવામાં આવી રહી છે. ૬૩૩૦ જેટલા પશુ માલિકોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રખરતા ઢોર નિયંત્રણ પોલિસી ૨૦૨૩ અંગે ફોન અને મેસેજ કરી અને માહિતી આપવામાં આવી છે.

# વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપનો ક્રેઝ

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઇ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકેનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઇને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઇને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઇને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે. કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઈડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઈચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણઁની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઈવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઈન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો.

# નિરસતા જીવનમાં રણ જેવી સ્થિતિનું નિર્માણ કરે છે, પણ ક્યારેક નિરસતા માત્રને માત્ર આપણા અસંતોષનું કારણ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ઘણીવાર એવું થાય કે આપણી પાસે શું નથી! ઈશ્વરે ખૂબ આપ્યું છે, અને હજી જો એની ઈચ્છા કરીએ, તો એને પણ એમ થઈ જાય કે હજી તને કેટલું જોઈએ છે? એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ છે, કે કોઈ એક ચોક્કસ સીમારેખા નક્કી કરવી પડશે, અને બસ કહેવું પડશે, ત્યાં આગળ સંતોષને મૂકવો પડશે. સંતોષી નર સદા સુખી એવું પણ આપણે ત્યાં એટલે જ એક સૂત્ર છે, પછી તે વસ્તુનો સંતોષ હોય, વ્યક્તિના વ્યવહારનો સંતોષ હોય, કે અન્ય કોઈ રીતે પણ જીવનમાં સંતોષ આવે, નહીં તો ત્યાં સુધી તો વૃત્તિના અતિરેકમાં માનવી જ્યાં ત્યાં ભટકે રાખે છે. અમુક સમય કે ઉંમરના આ મુકામ સુધી આ બધું ચલાવી પણ શકાય. દાખલા તરીકે યાદ કરીએ નાનાં હતા ત્યારે, કોઈ જગ્યાએ પ્રસાદ રૂપે કંઈ વહેચાતું હોય, ત્યારે લગભગ બધાએ એકને બદલે બે કે ત્રણવાર પ્રસાદ લીધો હશે, અને એ બાળ સહજ રીતે બહુ સામાન્ય વાત છે. પરંતુ આ વૃત્તિ જો કાયમ માટે ઘર કરી જાય તો ત્યાંથી જ તકલીફ શરૂ થઈ જાય છે, અને દેખાદેખીનો દાહક ભાવની શરૂઆત થાય છે. પછી તેને જીવનમાં ક્યારેય સંતોષ મળે નહીં. થાળીમાં શિખંડ પુરી પીરસવામાં આવે તો, એને એમ થાય રસ કેમ નહીં! શીરો કેમ નહીં! બસ આ રીતે અસંતોષ કરવાનું કોઈ જ કારણ ન હોવા છતાં, પણ જે અસંતોષ કરે તે, આમ તો મૂર્ખ છે, અને આપણે બધા જ આજે એ મૂર્ખની કેટેગરીમાં છીએ. કારણ ઈશ્વર જોતો હતો કે આપણે બસ કહીએ છીએ કે નહીં! અને આપણે બસ હવે!! એવું કહેવાનું હતું, પરંતુ એવું આપણાથી થઈ શક્યું નહીં. કારણ ગમે તે હોય, પરંતુ સૌના જીવન આજે નિરસતાથી ભરાઈ ગયા છે, કોશિશ કરવા છતાં જીવનમાં જોઈએ તે પ્રમાણમાં હકારાત્મકતા આવતી નથી, ક્યાંક ને ક્યાંક કંઈક ખૂટતું હોય એવું લાગે છે. નિરસતા જીવનમાં રણ જેવી સ્થિતિનું નિર્માણ કરે છે, રણ એટલે એવો પ્રદેશ કે, જ્યાં તમે કોઈપણ હરિયાળી વસ્તુની કલ્પના પણ ન કરી શકો. ભારતમાં ઘણાં બધાં એવા રણ છે, એમાં રાજસ્થાન રણ તરીકે સુપ્રસિદ્ધ છે. આ ઉપરાંત આપણે ત્યાં સ્વર્ગની પરિકલ્પનામાં કામધેનું ગાય, કલ્પવૃક્ષ, કૌસ્તુભમણિ, એ બધાં દ્રવ્ય કે અમુલ્ય વસ્તુઓ સ્વર્ગમાં જોવા મળે છે, અને સદીઓથી માનવીની એ મેળવવાની ઝંખના છે. તો હકીકતમાં કલ્પ વૃક્ષ મળે તો માનવી શું કરે? એ વિશેની એક બોધકથા જોઈએ. કલ્પવૃક્ષ એટલે એવું વૃક્ષ કે, એની નીચે તમે બેસી અને જે કંઈ વિચાર કરો એ વિચારની પૂર્તિ થાય. એટલે કે ત્યાં તમને તમે વિચારેલ દરેક વિચારનું તાત્કાલિક પરિણામ મળે, અને આવી જ એક વાત પંચતંત્રની બોધ કથામાં મેં ગઈકાલે વાંચી.

પહેલા તો પગપાળા મુસાફરી થતી, અને રાજસ્થાનના રણ પ્રદેશમાં એક મુસાફર મુસાફરી કરતો હતો, અને કેટલોયે લાંબો પ્રવાસ ખેડ્યો છતાં, પણ ક્યાંય કોઈ હરિયાળી જોવા મળી નહીં. જાતજાતના વિચારો કરતો હતો, કે આમ હોત તો કેવું સારું! તેમ હોત તો કેવું સારું! એમાં ઓચિંતાની એની નજર થોડે દૂર રહેલા એક હરિયાળા વૃક્ષ પર પડી, તેણે વિચાર્યું કે શું રણ પૂરું થયું! પણ લાંબે સુધી નજર દોડાવી તો હજી તો એવું જ બધે હતું. આ એક વૃક્ષ સિવાય ક્યાંય હરિયાળી હતી નહીં, અને તેને એ વૃક્ષ નીચે આરામ કરવાનું મન થયું. શીતળ છાયામાં બેસીને એનાં શીતળ પવનમાં મનને ખુબ સારુ લાગ્યું. એટલે તેણે વિચાર્યું કે જગ્યા તો સરસ છે, પણ જો ઠંડું પાણી મળી જાય તો કેટલું સારું!! અને એ જ સમયે ઠંડા પાણીનું માટલું ત્યાં આવી ગયું, એક-બે ગ્લાસ જેટલું ઠંડું પાણી પી લીધું અને હાશ કર્યું, પણ તરત જ વળતો વિચાર કર્યો કે જમવાનું મળી જાય તો કેવું સારું, અને ભાતભાતના સ્વાદિષ્ટ પકવાન વાળુ ભોજન ભરેલો થાળ આવ્યો. નિરાંતે જમી લીધું પછી થયું, કે થોડો અહીં જ આરામ કરી લઉં, આગળ ક્યાંય આવી જગ્યા મળે કે ના મળે, એટલે નિરાંતે સોડ તાણીને સૂઈ ગયો. થોડી વારે જાગ્યો એટલે બહુ સ્વાભાવિક રીતે જ શંકા-કુશંકાથી મન ઘેરાયું કે આખા આટલા મોટા રણપ્રદેશમાં આ એક જ ઝાડ કેમ છે? અને એમાં પણ દરેક પ્રકારની ઈચ્છા પૂર્તિ કરે એવું! મુસાફર બુદ્ધીશાળી હતો, એટલે મનમાં સમજી ગયો કે આ વિચાર ને કારણે થયું, એટલે વિચાર આવ્યો કે, સારું થયું કે સારા જ વિચાર કર્યા છે, નહીં તો એવું વિચાર્યું હોત કે, કોઈ રાક્ષસ આવી અને મને મારી નાખે તો હું સાચે જ મરી ગયો હોત, અને એ જ સેકન્ડે એક કદાવર રાક્ષસ સામે અટ્ટહાસ્ય કરતો ઊભો હતો. મુસાફરને થયું હવે તો મૃત્યુ નક્કી છે, અને એ ડરથી થર-થર કાંપવા લાગ્યો, અને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો કે, આ રાક્ષસ અહીંથી અદ્રશ્ય થઈ જાય તો એવું કરો, અને એ અદ્રશ્ય થઈ ગયો. પછી પેલો મુસાફર એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર એ ઝાડ નીચેથી ઊઠીને ભાગ્યો, પાછું વળીને જોયું પણ નહીં. આપણી સ્થિતિ બિલકુલ આ મુસાફર જેવી છે, પ્રકૃતિએ આપવામાં કંઈ જ બાકી રાખ્યું ન હતું, છતાં પણ આ જોઈએ છે, આ મળ્યું હોત તો સારું, એમ કરી કરીને માંગતા જ રહ્યાં, અને આવતીકાલે આવું નહીં મળે તો, એવો કોઈ વિપરીત સમય રૂપી રાક્ષસ આવશે તો! એવું કંઈક પણ બધાએ વિચાર્યું હશે, અને સાચે જ અશાંતિ રૂપે રાક્ષસ આવ્યો સમય છે, એ મુસાફરની જેમ ભગવાનને પ્રાર્થના કરવાનો, કે હે ઈશ્વર આ રાક્ષસને અદ્રશ્ય કરી દે. પરંતુ હવે આપણાથી એ થતું નથી, અથવા તો થાય છે તો પણ એટલી એ શરણાગતિથી થતું નથી. બીજી માનસિકતા આપણી એ છે કે કલ્પવૃક્ષ સમાન પ્રકૃતિ મળી હોવા છતાં, પણ ભોગની જ લાલસા રહી, જેણે કદી સંતોષ થવા જ દીધો નહીં, એક પછી એક વિચારો રૂપી ઈચ્છાઓ મૂકતાં ગયાં, અને ઈશ્વર તેને પૂરી કરતો રહ્યો, પણ આપણે ક્યારેય હવે બસ એવું કહ્યું નહીં. કોઈના જીવનમાં અભાવ હોય એટલે કે પરિવાર જનો શાંતિથી રહી શકે એટલી આવક ધરાવતા ન હોય, તો કદાચ એ હજી વધુની વૃત્તિ ક્ષમ્ય છે. પરંતુ આપણી સ્થિતિ તો સાધન સંપન્ન છે, મને મારા ભાગ્યનું મળ્યું અને એમાં મને સંતોષ છે, એવી વાત આવે નહીં, ત્યાં સુધી આ સમસ્યાનો કોઈ ઉકેલ નથી. આ પૃથ્વી પર માનવ તરીકે જન્મ આપીને ઈશ્વરે આપણને સ્વર્ગમાં જ મુક્યા હતાં. બાળપણમાં નાદાનીમાં કઈ કેટલુ એ કર્યું. મોટા થયા યુવાનીના જોશ જુસ્સામાં પણ કંઈક એટલે એ સાચું ખોટું કર્યું, અને સતત કંઈકને કંઈક મેળવવાની ખેવના કે ઝંખના રાખી, અને મેળવ્યું પણ ખરું! સારી કારકિર્દી ઘડી, જીવનસાથી તરીકે પણ સારું પાત્ર મેળવ્યું, સુખ સુવિધા વાળું ઘર પ્રાપ્ત થયું, સંતાન પણ મેળવ્યા, પછી હવે તો બસ કહેવું જોઈએ ને? પણ ચક્ર આગળ ચાલતું જ રહ્યું મને હજી, અથવા તો આને છે એટલું મને કેમ નહીં! એવા સતત અસંતોષના ભાવને કારણે કલ્પવૃક્ષ નીચે ખરાબ વિચાર થઈ ગયાં, જેને કારણે આ સમય અટ્ટહાસ્ય કરી રહ્યો છે, અને કાળ સતત ડંખી રહ્યો છે.

સૌથી પહેલા તો એ ભોગવાદી વિચારોના કલ્પ વૃક્ષ માંથી બહાર આવવું પડશે, કે જ્યાં સતત સ્વ અને સ્વકેન્દ્રી વિચારોનુ જ મહત્વ છે. મને આ મળે! મને તે મળે! અથવા મને પેલા જેવું મળે, એને ઘેર બે ગાડી છે, તો મારે ઘેર ચાર હોય, અને એ ચાર ગાડી મેળવવા માટે કંઈ કેટલુંય કર્યું, અને તે પુરુષાર્થ કરીને મેળવીએ તો હજી પણ કંઈક યોગ્ય છે, પણ બધાને અહીં ઓછી મહેનતે મેળવી લેવું, એની સતત પેરવીમાં આજનો માનવ દેખાય છે. સમય સતત ચેતવી રહ્યો હતો, પરંતુ આપણને એ કંઈ જ દેખાયું નહીં, આજે હવે એ બધું વિચારવાનો સમય મળ્યો, અને વિચાર્યું પણ ખરું છતાં, અમલમાં મૂકી શકાતું નથી. કારણ કે મનની અંદરથી એ ભોગવવાની વૃત્તિ જતી નથી. જે થયું તે થઈ ગયું, પરંતુ અત્યાર સુધીની જિંદગીમાંથી કંઈક સારુ તારવી શકાય, એવું કંઈક કર્યું હોય તો, એને ગોતી અને એ ભાવ પાછો આવે એવું જીવીએ, જ્યાં કોઈને હેરાન કરવાની વૃત્તિ ન હોય, હજી વધુની ઝંખના ન હોય, અને મને કેમના આપ્યું એની ફરિયાદ ન હોય, તો એ ત્રણે વૃત્તિનાં ભાવનો સરવાળો જ અંતે સંતોષ છે. જે સારું કર્મ કરવાથી આપોઆપ આપણા જીવનમાં આવી જશે, અને પછી કોઈ જ અસંતોષ ટકી શકશે નહીં. સૌના જીવનમાંથી રણ જેવી નિરસતા ચાલી જાય, અને સૌનાં જીવન હર્યાભર્યા થઈ જાય, ક્યાંય કોઈને કોઈ વાતનો અસંતોષ ન રહે, ઈશ્વર એવી સૌ પર કૃપા કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### શ્રાવણ માસમાં શિવ મહિમા-૧

# શિવના પાર્થિવલિંગનો મહિમા જોઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



અધિકમ અધિકસ્ય ફલમ..અધિક માસ કરેલ વ્રત તપ આરાધના ઉપાસનાનું ફળ વિશેષ અધિક મળે અને તેમાંય શ્રાવણ માસ એટલે શ્રદ્ધા ભકિતનો ધોધ વહે તે સ્વાભાવિક જ છે.ગઈકાલે અધિક શ્રાવણ માસની અમાસને બુધવાર હતો. વિષ્ણુ સાથે શિવ આરાધના ઉપાસના થયા આજથી એટલે કે ગુરૂવારથી શ્રાવણ માસનો શુભારંભ થયો આજે આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા-૧ શ્રાવણ માસમાં શિવ મહિમામાં આપણે ભગવાન સદાશિવ ભોળા નાથનો કલમ થકી અભિષેક કરી તેનો લાભ વધુમાં વધુ શિવ ભક્તો સુધી પહોચાડવા પ્રયત્ન કરીશું.

શિવના પાર્થિવલિંગનો મહિમા જાણવા પ્રયત્ન કરીએ;કૂષ્માંડ ઋષિના પુત્ર મંડપે પાર્થિવ પૂજાની પરંપરા શરૂ કરી હતી,તેનાથી ઉંમર અને સમૃદ્ધિ વધે છેભગવાન રામ અને શનિદેવે પણ પાર્થિવ શિવ લિંગ બનાવીને ભોળા નાથની પૂજા કરી હતી.શ્રાવણ મહિનાને શિવજીનો મહિનો માનવામાં આવે છે. પાર્થિવ લિંગ બનાવીને શિવ પૂજન કરવાથી વિશેષ પુણ્ય મળે છે. શિવપુરાણમાં પાર્થિવ શિવલિંગ પૂજાનું મહત્ત્વ ઉલ્લેખવામાં આવ્યું છે.કૂષ્માંડ ઋષિના પુત્ર મંડપે પાર્થિવ પૂજન શરૂ કર્યું હતું. ભગવાન શ્રીરામે પણ લંકા ઉપર વિજય પ્રાપ્ત કરવા અને રાવણ સાથે યુદ્ધ કરતાં પહેલાં પાર્થિવ શિવલિંગની પૂજા કરી હતી. શનિદેવે પણ સૂર્ય કરતાં વધારે શક્તિ મેળવવા માટે કાશીમાં પાર્થિવ શિવલિંગ બનાવીને ભગવાન મહાદેવની પૂજા કરી હતી. શિવ મહાપુરાણ પ્રમાણે પાર્થિવ પૂજનથી ધન, ધાન્ય, આરોગ્ય અને પુત્ર પ્રાપ્તિ થાય છે. ત્યાં જ, માનસિક અને શારીરિક કષ્ટોથી પણ મુક્તિ મળી જાય છે.

પાર્થિવ પૂજાનું મહત્ત્વ-પાર્થિવ પૂજનથી અકાળ મૃત્યુનો ભય સમાપ્ત થાય છે. શિવજીની આરાધના માટે પાર્થિવ પૂજન બધા લોકો કરી શકે છે. પછી તે પુરૂષ હોય કે મહિલા.શિવ કલ્યાણ કારી છે આ વાત બધા જ જાણે છે. જે પાર્થિવ શિવલિંગ બનાવીને વિધિવત પૂજન અર્ચન કરે છે, તે દસ હજાર કલ્પ(બ્રહ્મા નો એક દિવસ) સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે.શિવ મહાપુરાણમાં ઉલ્લેખવા માં આવ્યું છે કે,પાર્થિવ પૂજન બધા જ દુ:ખોને દૂર કરીને બધી મનોકામનાઓ પૂર્ણ કરે છે. જો દરરોજ પાર્થિવ પૂજન કરવા માં આવે તો આ લોક તથા પરલોક માં પણ અખંડ શિવભક્તિ મળે છે. પાર્થિવ પૂજન કઈ રીતે કરવું. પૂજન કરતાં પહેલાં પાર્થિવલિંગનું નિર્માણ કરવું જોઈએ. તેના માટે માટી,ગાયનું ગોબર,ગોળ માખણ અને ભસ્મ મિક્સ કરીને શિવલિંગ બનાવો.શિવલિંગ નિર્માણમાં આ વાતનું ધ્યાન રાખો કે, શિવલિંગ બાર આંગળીઓથી ઊંચું હોવું જોઈએ નહીં. બાર આંગળીથી ઊંચુ શિવલિંગ હશે તો પૂજનનું પુણ્ય ફળ મળતું નથી. મનોકામના પૂર્તિ માટે શિવલિંગ ઉપર પ્રસાદ ચઢાવવો જોઈએ. આ વાતનું ધ્યાન રાખો કે,જે પ્રસાદ શિવલિંગ ને સ્પર્શ કરી જાય તેને ગ્રહણ કરવો જોઈએ નહીં.પાર્થિવ શિવલિંગ બધી જ મનોકામના ઓને પૂર્ણ કરે છે - પાર્થિવ શિવલિંગ બધી જ મનોકામના ઓને પૂર્ણ કરે છેનદી કે તળાવની માટીથી બનાવો પાર્થિવ પૂજન કરતાં પહેલાં પાર્થિવ શિવલિંગ બનાવો. તેને બનાવવા માટે કોઈ પવિત્ર નદી કે તળાવની માટી લો. ત્યાર બાદ તે માટીને ફૂલ ચંદન વગેરેથી સજાવો. માટીમાં દૂધ મિક્સ કરીને લીપવી. ત્યાર બાદ શિવમંત્રનો જાપ કરતાં તે માટીથી શિવલિંગ બનાવવાની ક્રિયા શરૂ કરો. પૂર્વ કે ઉત્તર દિશા તરફ મોં રાખીને શિવલિંગ બનાવો.

પાર્થિવ શિવલિંગ બનાવતાં પહેલાં બાદ ગણેશજી, વિષ્ણુ ભગવાન, નવગ્રહ અને માતા પાર્વતી વગેરેનું આહવાન પૂજન કરવું જોઈએ. પાર્થિવ શિવલિંગ બનાવ્યાં બાદ તેને પરમ બ્રહ્મ માનીને પૂજા અને ધ્યાન કરો. પાર્થિવ શિવલિંગ બધી જ મનોકામનાઓને પૂર્ણ કરે છે. સપરિવાર પાર્થિવ બનાવીને શાસ્ત્ર વત વિધિથી પૂજન કરવાથી પરિવારમાં સુખ વધે છે.રોગથી પીડિત લોકોએ મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો પાર્થિવ શિવલિંગ સામે શિવમંત્રનો જાપ કરી શકાય છે. રોગથી પીડિત લોકો મહામૃત્યુંજય મંત્રનો જાપ કરી શકાય છે. દુર્ગાસપ્તશતીના મંત્રોનો જાપ પણ કરી શકાય છે. સર્વલીગોમાં પાર્થિવ લિંગ ઉત્તમ છે, તેના પૂજનથી અનેક લોકો સિધ્ધી પામ્યા છે.આઠ પ્રકારની મુર્તિઓમાં પાર્થિવ લિંગની આરાધના પવિત્ર, ધન્ય, આયુષ્ય વધારનારી,સંતોષ અને પુષ્ટિ આપનારી તથા લક્ષ્મીનો વધારો કરનારી છે .તેથી તેની પુજા અવશ્ય કરવી જોઈએ .પાર્થિવ લિંગ અખંડ જ બનાવવું,તેને ખંડિત કરવું નહિ જે ખંડિત લિંગ બનાવે છે તેને પુજાનું ફળ મળતું નથી .બ્રાહમણ પાર્થિવ શિવલિંગ નું પૂજન કરતો નથી, તે શૂલપ્રોત નામના અતિ ભયંકર ઘોર નરક માં જાય છે .પાર્થિવ લિંગની પુજા નદી કિનારે કે તળાવે,પર્વત ઉપર, જંગલમાં,શિવાલય માં કે કોઈ પવિત્ર સ્થાનમા કરવી પાર્થિવ પ્રતિમાનું પૂજન; મુનીઓએ ભગવાન સદા શિવના પાર્થિવ પ્રતિમાની પૂજન વિધિ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી.સુતજી બોલ્યા ; હે બ્રાહ્મણો! તળાવ, નદી કે કૂવાના જળની અંદર ની માટી લાવી તેને સુગંધિદાર દ્રવ્યોથી પવિત્ર બનાવી તેમજ દૂધ થકી ભીજવીને પાર્થિવ પ્રતિમા બનાવવી. પ્રતિમાને દરેક અંગ,પ્રત્યંગ તેમજ આયુયુક્ત બનાવવી ત્યાર બાદ સુંદર મંડપ બનાવી આદર પૂર્વકપ્રતિમાનીસ્થાપના કરી,તેનું પોડસોપચારથી પ જન કરવું .જેના પુષ્પ થકી પ્રોક્ષણ અને મંત્ર થકી અભિષેક કલ્પવા .અભિષેક થી આત્માની શુદ્ધિ થાય.ગંધથી પુણ્ય મેળવાય, નૈવેધથી આયુષ્ય અને સિદ્ધી મળે,ધૂપ કરવાથી ધન મળે, દિવા ના પ્રાકટ્યથી જ્ઞાન અને પાનબીડા થી ભોગ મેળવાય છે . ભગવાન સદાશિવની શ્રધ્ધા ભાવથી ભક્તિ અર્ચન કરવાથી તે પ્રસન્ન થાય છે .તેમની દયા ઉતરે, મનોકામના સિધ્ધ થાય.સદા શિવની ભક્તિ પૂર્વક પુજા કરવાથી મોક્ષ મળે છે.પાર્થિવ લિંગની સંખ્યા, ફળ; હે મુનિઓ ! વિધ્યા ઈચ્છતા પુરુષે એક હજાર પાર્થિવ શિવલિંગ બનાવી તેનું પૂજન કરવું. ધન ઈચ્છ નારે પાંચસો પાર્થિવ લિંગનું, પુત્ર પંદર પાર્થિવલિંગનું સોનું અને વસ્ત્ર ઈચ્છનારે પાંચસો,પૃથ્વીની ઈચ્છવાળાએ એક હજાર,મોક્ષ ઈચ્છનારે એક કરોડનું,દયાની ઈચ્છવાળાએ ત્રણ હજારનું, તીર્થની ઈચ્છવાળાએ બે હજાર નું,મિત્ર ઈચ્છનારે ત્રણ હજારનું, કોઈને વશ કરવાની ઈચ્છાવાળાએ આઠસોનું, મરણ ઈચ્છનારાએ સાતસોનું, મોહ ન ઈચ્છનારે આઠસોનું,ઉચાટન કરવા તૈયાર થયેલાએ એક હજાર નું,સ્તંભન ઈચ્છનારે એક હજારનું, દ્વેષ ઈચ્છનારે પાંચસો નું,બંધનથી છૂટવા ઈચ્છનારે દોઢ હજારનું મહારાજાના ભય સમયે પાંચસોનું, ચોર ના સંકટ સમયે બસોનું,ડાકણ વગેરેનો ભય દૂર કરવા પાંચસોનું, દરિદ્રતા દૂર કરવા પાંચ હજારનું, દરેક પ્રકારની કામના પૂર્ણ કરવા દર્શ હજાર પાર્થિવ શિવલિંગોનું પૂજન કરવું જોઈએ.પાર્થિવ શિવલિંગોનું પૂજન કરોડો યજ્ઞોનું ફળ મળે છે, તથા કામનાવાળા મનુષ્યોને કાયમી ભોગને મોક્ષ બંને આપે છે . વાચક ચાહક શિવ ભક્તો અધિક માસના અંતિમ દિવસોમાં ૭૭મો સ્વાતંત્ર્ય દિન - પતેતીની ઉજવણી કરી આજથી શિવ આરાધના ઉપાસના સાથે હવે પછી શ્રાવણી તહેવારો શરૂ થશે. મેઘરાજા પધરામણી કરે તેવું હવામાન છે ત્યારે સૌ શિવ ભક્તો ને શ્રાવણ માસની શુભેચ્છા.

## ચંદ્રને મામા જ તેમ કહેવાય છે, કાકા, માસા કે ફૂઆ કેમ નહીં?



સવાલ ભલે થોડો અળવિતરો લાગે પણ છે એકદમ મુદ્દાનો. અત્યાર સુધી ભલે તમને આ સવાલ ના થયો હોય પણ હવે ચોક્કસ જ વાંચીને તમને પણ ઉત્સુક્તા તો થઈ જ હશે ને કે હા રે, ચાંદાને હંમેશા મામા તરીકે જ કેમ સંબોધવામાં આવે છે? કેમ આપણે તેને માસા, કાકા, ભાઈ કે ફૂઆ તરીકે નથી સંબોધતા? થોડા ફ્લેશબેકમાં જઈએ અને બાળપણમાં જઈએ તો અત્યાર સુધી ચંદ્રને લગતી બધી વાર્તાઓ કે કવિતાઓમાં તેને મામા તરીકે દર્શાવવામાં આવ્યો છે. ચંદામામા દૂર કે હોય કે પછી ચંદામામા કી બારાત હોયપ પરંતુ શું તમે ક્યારેય તમને સવાલ થયો છે કે શા માટે દરેક વખતે ચંદ્રને મામા જ બનાવવામાં આવે છે. તેને કાકા, માસા કે ફુઆ કેમ નથી બનાવાતા. ચાલો, આજે આપણે આ પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરીશું. ચંદાના મામા બનવા પાછળ કોઈ એક વાર્તા નથી, પરંતુ તેની પાછળ ધાર્મિક, પૌરાણિક અને ભૌગોલિક કારણો પણ જવાબદાર છે. ધાર્મિક દષ્ટિકોણથી જોઈએ અને વાત કરીએ તો ચંદ્રને મા લક્ષ્મીનો ભાઈ માનવામાં આવે છે અને આપણે બધા જ મા લક્ષ્મીને માતા માનીએ છીએ એટલે માતાના ભાઈને આપણે મામા કહીને જ બોલાવીએ છીએ ને? હવે આગળ વધીએ અને વાત કરીએ બીજા કારણ વિશે તો આ કારણ ભૌગોલિક છે. આ ભૌગોલિક કારણ અનુસાર ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે અને તે પૃથ્વીની આસપાસ ફરે છે. આ દષ્ટિકોણથી ભાઈ અને બહેનના સંબંધને જોઈએ તો ભાઈ પણ તેની બહેનની આગળ પાછળ ફરે છે. આવી પરિસ્થિતિમાં ચંદ્રની પૃથ્વીની આસપાસ ફરવાની વૃત્તિ ભાઈ-બહેનના સંબંધ સાથે જોડવામાં આવે છે અને આપણે પૃથ્વીને માતા કહીએ છીએ એટલે આ કારણે પણ આપણે ચંદ્રને મામા કહેતા થઈ ગયા છીએ.

## જૂન અંત સુધીમાં સમગ્ર રાજ્યમાં વરસાદ



મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં આતુરતાથી ચોમાસાની રાહ જોવી રહ્યા છે. જૂન મહિનો પૂરા થવાની નજીક છે, છતાં હજી સુધી ચોમાસું જામ્યું નથી. રાજ્યના અમુક જિલ્લામાં હાલ વરસાદ પડી રહ્યો છે, તો અમુક જગ્યાએ કાળઝાળ ગરમી પડી રહી છે. વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે આગામી પાંચ દિવસમાં રાજ્યમાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. અમુક જિલ્લામાં વરસાદ પડવાની શક્યતા છે ત્યારે વિદર્ભમાં જોર કાયમ રહેશે એવો અંદાજ હવામાન ખાતાએ મંગળવારે વ્યક્ત કર્યો છે. હવામાન ખાતાના કહેવા મુજબ આગામી પાંચ દિવસ રાજ્યમાં અનેક જગ્યાએ વીજળીના ગડગડાટ સાથે હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શક્યતા છે. વિદર્ભમાં હાલ ગરમીનું મોજું ફરી વળ્યું છે અને મોટાભાગના શહેરમાં ૪૦થી ૪૨ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. હજી એકાદ-બે દિવસ વિદર્ભ અને મરાઠવાડમાં ગરમીનું જોર રહેશે અને ત્યારબાદ અહીં પણ હળવો વરસાદ પડવાની શક્યતા છે અને ૨૫ જૂન બાદ રાજ્યના તમામ વિસ્તારમાં વરસાદ પડે એવી શક્યતા છે. તો દક્ષિણ કોંકણ સહિત ગોવામાં ૨૦થી ૨૪ જુલાઈ સુધીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. મુંબઈનો સમાવેશ દક્ષિણ કોંકણમાં થતો હોવાથી મુંબઈમાં પણ આગામી દિવસમાં વરસાદની શક્યતા છે. ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક પ્રાકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે. અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે.

## પગ ધોઈને સુવાથી સ્વાસ્થ્યને ૫ ગજબના ફાયદા



જો તમે અત્યાર સુધી દિવસભરના કામકાજ બાદ પગ ધોયા વગર બેડ પર સુવા પહોંચી જાવ છો તો તમારે તમારી આ આદતને તત્કાલ બદલવાની જરૂર છે. આમ કરવાથી તમે અજાણતા તે હેલ્થ બેનિફિટ્સને ખુદથી દૂર કરી રહ્યાં છો જે રાત્રે પગ ધોઈને સુવાથી મળે છે. તમને ખ્યાલ નહીં હોય કે પગ ધોઈને સુવુ માત્ર હાઈજીન નથી પરંતુ તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા મળે છે. તેવામાં આજે અમે તમને રાત્રે પગ ધોઈને સુવાથી મળતા ફાયદા વિશે જણાવીશું. વ્યક્તિના શરીરનું સમગ્ર વજન તેના પગ દ્વારા દિવસ દરમિયાન વહન કરવામાં આવે છે. જેના કારણે પગમાં જકડાઈ જવા કે ખેંચાણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો તમને પણ આ સમસ્યા હોય તો રાત્રે સૂતા પહેલા પગ ધોયા પછી જ સૂઈ જાઓ. આમ કરવાથી માત્ર પગની માંસપેશીઓ જ નહીં.

## પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ



વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુઠ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ 'વાંસની કોઠી' પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે 'ગ્લોબલ વૉર્મિંગ'ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે.

ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક પ્રાકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપથી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોક્લામસ એસ્પર છે. તેની વૃદ્ધિ બીજાં ઝાડ-છોડવાના મુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગરીસ છે. વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્ર્લેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે. આ અંગે દેશનું ઉત્તર પૂર્વી ક્ષેત્ર ખૂબ જ સંપન્ન છે. દેશમાંના વાંસના ઉત્પાદનના ૬૫ ટકા અને દુનિયાના લગભગ ૨૦ ટકા વાંસ અહીં ઉત્પન્ન થાય છે.

## કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતી વખતે ધ્યાનમાં રાખો આ બાબતો




કાર ઈન્સ્યોરન્સ ક્લેઈમ લેવો ભલે આપણને ગમે એટલું સરળ લાગે, પરંતુ હકીકતમાં તો આ કામ એક થકવી નાખનારી પ્રક્રિયા બની શકે છે. ઈન્શ્યોરન્સના ક્લેઈમના પૈસા મેળવવા એ કંઈ એટલું સરળ કામ નથી. જોકે, ક્લેઈમ દાખલ કરતા પહેલાં, તમે પૂરતી માહિતી લઈ લો અને પુષ્ટિ કરેલી વિગતો સાથે તમારો ક્લેઈમ તૈયાર કરો છો તો તમારો ક્લેઈમ ઝડપથી પાસ થઈ શકે છે. ઘણી વખત એવું જોવા મળે છે કે કાર વીમાનો દાવો કર્યા પછી, વીમા કંપની કેટલીક ત્રુટિઓને કારણે ક્લેઈમ રિજેક્ટ કરી નાખે છે અને અંદરખાને તો દરેક વ્યક્તિ એવું જ ઈચ્છતી હોય છે કે તેનો ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે.

હવે આ બધા વચ્ચે લાખ રૂપિયાનો સવાલ એ છે કે આખરે વીમાનો ક્લેઈમ કરવાની સાચી રીત કઈ છે? એવું શું કરવું જોઈએ કે જેથી કરીને તમને તમારા ક્લેઈમની પૂરેપૂરી રકમ મળે અને ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે. આજે આપણે અહીં આ વિશે જ વાત કરીશું કે એવા કયા પાંચ મુદ્દાઓ છે કે જેને ધ્યાનમાં રાખીને તમે તમારો ક્લેઈમ પાસ કરાવી શકો છો.

ફોર વ્હીલર વીમાના દાવાઓ નકારવામાં આવે તે સામાન્ય બાબત છે. ઘણા લોકોએ આ વાતનો અનુભવ કર્યો હશે. જો કે, તમારું ક્લેમ ફોર્મ ભરતા પહેલા આ પાંચ બાબતોને ધ્યાનમાં રાખો. હોન્ડા અથવા મારુતિ વીમા દાવો ફાઈલ કરતા પહેલા આ મુદ્દાઓને અનુસરો.

એફઆઈઆર રજિસ્ટર્ડ કરાવો સૌથી પહેલાં તો કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતાં પહેલાં પોલીસમાં એફઆઈઆર નોંધાવી લો. તમારી કારને કેટલું નુકસાન થયું છે એ ધ્યાનમાં લીધા વિના, ક્લેઈ દાખલ કરીને તમારા ક્લેઈમ વેરિફાઈ થાય છે. એની સાથે સાથે જ કાયદાકીય કાર્યવાહીની સાથે જરૂરી પુરાવા પણ એકઠા કરવામાં આવે છે.

કેટલીક વીમા કંપનીઓ કાર અકસ્માત, ચોરી, જાન-માલની ખોટ વગેરે માટે FIRની માંગણી કરે છે. બીજી બાજું, એફઆઈઆરની નકલ આપવાથી દાવો મજબૂત થાય છે.

ઈન્શ્યોરન્સ કંપનીને આપો પૂરેપૂરી માહિતી જી હા, ઈન્શ્યોરન્સ કંપનીને પૂરેપૂરી સાચી માહિતી આપવી ખૂબ જ જરૂરી છે. જો તમે કોઈપણ માહિતી છુપાવો છો, તો તમારે પછીથી તમારે રિજેક્શનનનો સામનો કરવો પડી શકે છે. આ જ તાકણે ક્લેઈમ સાથે, વીમા પોલિસીના દસ્તાવેજો, કારનું નોંધણી પ્રમાણપત્ર (RC), ડ્રાઈવિંગ લાઈસન્સ, ક્લેંઈની નકલ પણ જોડો.

ક્લેઈમ માટેના ફોર્મમાં હંમેશા સાચી અને સચોટ માહિતી ભરવી જોઈએ. દાવાની ફોર્મ પ્રમાણિકતાથી ભરો અને ખાતરી કરો કે ફોર્મમાં તમારાથી કોઈ ભૂલ નથી કરી. એમાં પણ ખાસ કરીને સ્પેલિંગ કે ટાઈપિંગમાં કોઈ ભૂલ ન થાય એનું ખાસ ધ્યાન રાખો. નામ, પોલિસી નંબર, કાર રજીસ્ટ્રેશન નંબર અને અન્ય વિગતો સારી રીતે તપાસો.

કાર ઈન્શ્યોરન્સ પોલિસીના નિયમો અને શરતો વાંચવી ખૂબ જ જરૂરી છે. જો તમે પોલિસી સંબંધિત બાબતોને સારી રીતે વાંચીને, તમે કવરેજ અને દાવાની પ્રક્રિયા વિશે પૂરેપૂરી માહિતી મેળવી લો છો.

BOLLYWOOD NEWS FLASH

**કરણ અને આકાંક્ષાના અરેન્જ મેરેજ હતા, ૨૦૧૪માં કપલના લગ્ન થયા હતા, કોર્ટ કેસ અને પરસ્પર સમજૂતી બાદ હાલમાં જ ડિવોર્સ મંજૂર થયા છે**



## લગ્નના ૯ વર્ષ પછી રાધા ક્રિષ્ન ફેમ કરણ મલ્હોત્રાના થયા ડિવોર્સ

। મુંબઈ, તા.૧૬ ।

રબ સે સોણા ઈશ્ક અને રાધાક્રિષ્ના જેવી સીરિયલોમાં કામ કરી ચૂકેલા એક્ટર કરણ મલ્હોત્રાના ડિવોર્સ થઈ ગયા છે અને હાલ તે સિંગલ છે. કરણના ૨૦૧૪માં દિલ્હીની ઈન્ટિરિયર ડિઝાઈનર આકાંક્ષા ઢીંગરા સાથે અરેન્જ મેરેજ થયા હતા. કરણ અને આકાંક્ષા છેલ્લા પાંચ વર્ષથી અલગ રહે છે. જોકે, કપલના ડિવોર્સ મે મહિનામાં મંજૂર થયા છે. ડિવોર્સ વિશે વાત કરતાં કરણે અમારા સહયોગી ઈટાઈમ્સ ટીવીને જણાવ્યું, અમારી વચ્ચે સુમેળ નહોતો સધાઈ રહ્યો. કેટલીક સમસ્યાઓ હતી, ઝઘડો નહોતો પણ અમે એકમત નહોતા થઈ શકતા. અમારો સંબંધ ચાલતો નહોતો એટલે અમને લાગ્યું કે ખેંચવા કરતાં અંત લાવી દેવો યોગ્ય રહેશે. હજી ૩-૪ મહિના પહેલા જ ડિવોર્સ થયા છે. અગાઉ પત્નીથી અલગ થવા વિશે વાત કેમ ના કરી તેવો સવાલ કરતાં કરણે કહ્યું, હું ખૂબ ઉદાસ હતો. ડિવોર્સ લેવા માટે કોઈ લગ્ન નથી કરતું. મારા લગ્ન તૂટવાના કારણે હું થોડા મહિના સુધી ડિપ્રેશનમાં હતો.'' જોકે, કરણે બંને વચ્ચે તિરાડ પડવાનું કારણ નથી જણાવ્યું. તેણે ભૂતકાળને ભૂલીને આગળ વધવાનું નક્કી કર્યું છે. કરણે કહ્યું, ''હું હવે આગળ વધી ગયો છું અને એ વિશે વાત કરવા નથી માગતો. ડિવોર્સ મંજૂર થવામાં લાંબો સમય કેમ લાગ્યો એ વિશે વાત કરતાં કરણે કહ્યું, કોર્ટ કેસ હોય એટલે પ્રક્રિયા લાંબી થઈ જતી હોય છે. અમારા પરિવારોમાં આમાં સંકળાયેલા હતા. તેમણે પણ અમારા નિર્ણયનું માન રાખ્યું. અમે અમારો સંબંધ પરસ્પર સમજૂતી અને હકારાત્મકતા સાથે પૂરો કર્યો છે. આ બધી બાબતોના લીધે જ સમય લાગ્યો.'' ડિવોર્સ પછી કરણ અને આકાંક્ષાના સંબંધો સુમેળભર્યા છે. તેણે કહ્યું, ''અમે બંને એકબીજા સાથે વાત કરીએ છીએ. અમે દુશ્મન નથી બની ગયા. હું હવે એ તબક્કામાંથી નીકળી ગયો છું અને ખુશ છું.

## રજનીકાંતની જેલરનું બોક્સ ઓફિસ પર ૩૦૦ કરોડનું કલેક્શન

। મુંબઈ, તા.૧૬ ।



સુપરસ્ટાર રજનીકાંતની 'જેલર' સની દેઓલની 'ગદર ૨'ના એક દિવસ પહેલા રિલીઝ થઈ હતી અને પહેલા જ દિવસે એટલે કે ગુરુવારે બમ્પર ઓપનિંગ મેળવી છે. કહેવામાં આવી રહ્યું છે કે રિલીઝના ચોથા દિવસે આ ફિલ્મે વિશ્વભરમાં ૩૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. રિપોર્ટ મુજબ, 'ગદર ૨'ની રિલીઝના એક દિવસ પહેલા જ શાનદાર ઓપનિંગ કરનારી ફિલ્મ 'જેલર'એ પહેલા દિવસે જ બમ્પર કમાણી કરી હતી. રવિવારે રજનીકાંતની ફિલ્મે ચારેય ભાષાઓ (તમિલ, તેલુગુ, કન્નડ અને હિન્દી)માં કુલ ૩૮.૦૦ કરોડનું કલેક્શન કર્યું છે. આ ફિલ્મના વર્લ્ડવાઈડ કલેક્શનની વાત કરીએ તો ત્રણ દિવસમાં દુનિયાભરમાં ૨૨૨.૧૦ કરોડની કમાણી કરી લીધી છે. જ્યારે ફિલ્મે ત્રણ દિવસમાં વિદેશમાં રૂ. ૯૫.૦૦ કરોડની કમાણી કરી હતી, ત્યારે ભારતમાં ત્રણ દિવસમાં રૂ. ૧૨૭.૧૦ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મમાં રજનીકાંત સિવાય જેકી શ્રોફ, તમન્ના ભાટિયા, શિવ રાજકુમાર અને મોહનલાલ જેવા અન્ય ઘણા ફિલ્મ સ્ટાર્સ મહત્વની ભૂમિકામાં જોવા મળ્યા છે. રજનીકાંતનો ક્રેઝ એવો છે કે આ ફિલ્મની રિલીઝ પર ઘણી ઓફિસોએ રજા જાહેર કરી દીધી હતી. ભારતીય બોક્સ ઓફિસ પર એક નવો રેકોર્ડ બન્યો છે. રજનીકાંતની જેલર, સની દેઓલની ગદર ૨, અક્ષય કુમારની OMG ૨ અને ચિરંજીવીની ભોલા શંકર આ ચારેય ફિલ્મોએ મળીને ૩૯૦ કરોડ રુપિયાથી વધારેની કમાણી કરી છે.

**કાર્તિક આર્યને તેના પાલતુ કૂતરા સાથેનો એક વીડિયો શેર કર્યો અને લખ્યું, હેપ્પી ઇન્ડીપેન્ડન્સ ડે અને અરિજિત સિંહનું ગીત દેશ મેરે મુક્યું**

## શાહરૂખથી લઈ સલમાન અને કેટ-રિના-વિક્કીએ ઉજવ્યો સ્વતંત્રતા દિવસ

। મુંબઈ, તા.૧૬ ।

સમગ્ર ભારત દેશ આજે ૧૫મી ઑગસ્ટે પોતાનો ૭૭મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ ગર્વ અને આનંદ સાથે ઉજવી રહ્યો છે. આ દિવસે આપણે દેશના મહાન નેતાઓને યાદ કરીએ છીએ કે, જેમણે આપણી આઝાદી માટે બહાદૂરીપૂર્વક લડત આપી હતી. રાષ્ટ્રધ્વજ ઊંચો ફરકાવવાથી વિવિધતામાં એકતાની યાદ અપાવે છે. આ દિવસ આપણને આપણા રાષ્ટ્ર પ્રત્યે યોગદાન આપવાની નાગરિક તરીકેની આપણી જવાબદારીની યાદ અપાવે છે. આ ખાસ દિવસે બોલિવૂડ સેલિબ્રિટીઝે સોશિયલ મીડિયા દ્વારા શુભેચ્છા પાઠવી હતી. આલિયા ભટ્ટ, શાહરૂખ ખાન, સલમાન ખાનથી લઈ કેટરિના કૈફ-વિક્કી કૌશલ સુધી, ઘણી હસ્તીઓએ તેમના ફેન્સને શુભેચ્છા પાઠવી હતી. ઉપરાંત અભિનેત્રી કરિશ્મા કપૂર સહિતના અનેક બોલિવુડ સેલિબ્રિટીઝે પોતપોતાનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કરી તેમના ફેન્સને શુભેચ્છા પાઠવી હતી. બોલિવુડના દબંગ સલમાન ખાને પોતાના ઈનસ્ટાગ્રામ એકાઉન્ટ પર રાષ્ટ્રીય ધ્વજ સાથે પોતાનો એક ફોટો પોસ્ટ કર્યો છે. આ રીતે તેણે પોતાના ફેન્સને ૭૭મા સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. ફિલ્મ અભિનેત્રી કેટરિના કૈફે પોતાના પતિ વિક્કી કૌશલ સાથે ઘરેથી દરિયા તરફ પોઝ આપતી તસવીર શેર કરી છે અને તેમની સામે એક મોટો રાષ્ટ્રધ્વજ જોઈ શકાય છે. બોલિવુડના કિંગ શાહરૂખ ખાને તેની પત્ની અને બાળકો સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવતો એક વીડિયો અને તસવીર શેર કરી છે.



**રિકીએ ભારતીય રાષ્ટ્રગીત રજૂ કર્યું, જે તેણે ૧૦૦ બ્રિટિશ રોયલ ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રા સાથે કમ્પોઝ કર્યું હતું**

## સ્વતંત્રતા દિવસે રિકી કેજે દેશને આપ્યું રાષ્ટ્રગીતનું નવું વર્ઝન



। મુંબઈ, તા.૧૬ ।

ત્રણ વખત ગ્રેમી એવોર્ડ વિજેતા સંગીતકાર રિકી કેજ સ્વતંત્રતા દિવસ પર ચર્ચામાં રહે છે. રિકીએ કંઈક એવું કર્યું છે કે, જેનાથી તમામ ભારતીયો ગર્વથી ફૂલી જાય છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આનંદિત થઈ રહ્યા છે. રિકીએ એક દિવસ પહેલા ૧૪ ઑગસ્ટના રોજ એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે ભારતીય રાષ્ટ્રગીત રજૂ કર્યું હતું, જે તેણે ૧૦૦ બ્રિટિશ રોયલ ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રા સાથે કમ્પોઝ કર્યું હતું. તેમની પ્રશંસા કરતા પ્રધાનમંત્રીએ ટ્વિટર પર લખ્યું, 'અદ્ભુત. આનાથી દરેક ભારતીયને ચોક્કસપણે ગર્વ થશે. રિકી કેજે ૧૪મી ઑગસ્ટે સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા વિશ્વભરના દરેક ભારતીયને ૬૦ સેકન્ડનો વીડિયો ભેટમાં આપ્યો હતો. લંડનના પ્રખ્યાત એબી રોડ સ્ટૂડિયોમાં વિશ્વના સૌથી મોટા સિમ્ફની ઓર્કેસ્ટ્રા દ્વારા રેકોર્ડ કરાયેલા ભારતીય રાષ્ટ્રગીતને સ્વતંત્રતા દિવસે રજૂ કરવામાં આવ્યું હતું. કેજે વીડિયો શેર કર્યો અને તેને કેપ્શન આપ્યું, 'થોડા દિવસો પહેલા મેં લંડનના પ્રખ્યાત એબી રોડ સ્ટૂડિયોમાં ભારતનું રાષ્ટ્રગીત રજૂ કરવા માટે ૧૦૦ પીસ બ્રિટિશ ઓર્કેસ્ટ્રા, ધ રોયલ ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રાનું આયોજન કર્યું હતું. ભારતનું રાષ્ટ્રગીત રેકોર્ડ કરવા માટેનું આ અત્યાર સુધીનું સૌથી મોટું ઓર્કેસ્ટ્રા છે અને તે જોવાલાયક છે. અંતે જય હોએ મને હચમચાવી નાખ્યો હતો. ભારતીય સંગીતકાર બનવું ખૂબ જ સારું લાગ્યું. હું આ ઐતિહાસિક રેકોર્ડિંગ આ સ્વતંત્રતા દિવસ પર તમારા બધા સાથે શેર કરી રહ્યો છું. તેનો ઉપયોગ કરો, તેને શેર કરો અને તેને જુઓ, પરંતુ આદર સાથે. તે હવે તમારું છે.

### દાહોદ જિલ્લા ખાતે ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહભેર ઉજવણી

# ઝાલોદ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ગૃહ મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાઇ

## આપણા દેશની ભૂમિ માત્ર માટી નથી, એના કણ કણમાં શૂરવિરતા, સાહસ અને સમર્પણની ગાથા છે : હર્ષ સંઘવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૬ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવતા, ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સંવેદનશિલ નેતૃત્વ હેઠળ પ્રત્યેક સમાજને સાથે રાખીને, સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવી રહ્યા છે એમ જણાવ્યું હતું.

આપણા દેશની ભૂમિ માત્ર માટી નથી, એના કણ કણમાં શૂરવિરતા, સાહસ અને સમર્પણની ગાથા છે. તેમણે કહ્યું કે, તા. ૯ ઓગસ્ટથી સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે માટીને નમન, વીરોને વંદન સાથે માતૃભૂમિને નમન અને દેશનાં સપૂતોને શ્રધ્ધાંજલિ આપવાનાં આ અભિયાનમાં સામેલ થઈને આપણે સૌ આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્ણાહૂતિને યાદગાર બનાવીએ.

મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાનના કારણે આપણને મળેલી મહામૂલી આઝાદી માટે શહાદત વહોરનાર દરેક વીર જવાનોને સાચી શ્રદ્ધાંજલિ આપવા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં ''મારી માટી, મારો દેશ'' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ દેશભરનાં તમામ ગામોની માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્યપથ સુધી લઈ જઈ ''અમૃત મહોત્સવ સ્મારક'' તેમજ 'અમૃતવાટિકા''નું નિર્માણ કરવામાં આવશે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સલામતી, શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ વધુ મજબૂત બનાવવાના લક્ષ્ય સાથે કામ કરી રહી હોવાનું જણાવતા ઉમેર્યુ કે, રાજ્યના પોલીસ દળનું મનોબળ વધારીને અસામાજિક તત્વો અને ડ્રગ્સ પેડલરો સહિત ગુનાખોરી અને ગુનાખોરો સામે ''ઝીરો ટોલરન્સ''ની નીતિ અપનાવી છે. ડ્રગ્સ સામેની ઝુંબેશ હોય કે વ્યાજખોરોથી મુક્તિ હોય, રાજ્ય સરકારે ગુનો આચરતા તત્વો સામે કડક હાથે કામ લઈને ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની સંગીન સ્થિતિ સાથે સુરાજ્યની અનુભૂતિ કરાવી છે. તેમણે વ્યાજખોરો સામેના અસરકારક અભિયાન અંગે વિગત આપતા જણાવ્યું કે, ગરીબ નાગરિકોને વ્યાજખોરોની ચુંગાલમાંથી બચાવવા સરકારે ૪ હજાર જેટલા લોક દરબાર યોજ્યા છે. જેમાં ૧.૨૯ લાખથી વધુ લોકોએ હાજરી આપી છે. ઉપરાંત વ્યાજના વિષચક્રમાંથી લોકોને બચાવવા સરકારે ૨૨ હજારથી વધુ જરૂરિયાતમંદોને સ્વરોજગાર માટે લોન આપી છે.

# ૭૭મા રાષ્ટ્રીય પર્વ નિમિત્તે વિંછીયા ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપતા કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ

। હુસામુદ્દીન કપાસી જસદણ, તા.૧૬ ।

દેશના ૭૭મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે વિંછીયા ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી અને ઉપસ્થિત નાગરિકોને રાષ્ટ્રીય પર્વની શુભેચ્છા પાઠવી હતી. સ્વતંત્રતા પર્વ નિમિત્તે મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે કલેકટર શ્રી પ્રભવ જોશી અને પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોડની સાથે હોમગાર્ડઝ, જી.આર.ડી. તથા પોલીસ વિભાગની પરેડનું નિરીક્ષણ કર્યુ હતું તથા ઉપસ્થિત દેશપ્રેમી નાગરિકોનું અભિવાદન ઝીલ્યુ હતું. સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનો શ્રી મુકેશભાઈ ધીરજભાઈ રાવલ તથા શ્રી જયાબેન છગનભાઈ કટારીયાનુ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે સુતરની આંટી તથા ખાદીની શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતું. તથા વિછીયા તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક જિલ્લા કલેકટરશ્રીને એનાયત કર્યો હતો.



વીછીયા એ.પી.એમ.સી. ખાતે યોજાયેલી સ્વતંત્રતા પર્વની રાજકોટ જિલ્લા કક્ષાની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત વિછીયાના દેશપ્રેમી નાગરિકોને સંબોધતા શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતુ કે આજે આપણે આઝાદીની મુક્ત હવામાં શ્વાસ લઈ રહ્યા છીએ, ત્યારે દેશના વિકાસમાં પ્રત્યેક ભારતીય નાગરિક પોતાનું યથાશક્તિ યોગદાન આપે, એ જ શ્રેષ્ઠ દેશભક્તિ છે. મંત્રીશ્રી રાઘવજીભાઈએ દેશની આઝાદીમાં બલિદાન આપનાર પ્રત્યેક સ્વાતંત્રસેનાનીઓને નત મસ્તકે યાદ કર્યા હતા અને દેશને આઝાદી અપાવવામાં તેમના યોગદાનનો ઋણ સ્વીકાર કર્યો હતો. મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશ નેત્રદીપક પ્રગતિ કરી રહ્યો છે ત્યારે વિશ્વમાં ભારતનું સ્થાન મોખરાનું રહે તે જોવા પ્રત્યેક ભારતીય નાગરિકે શ્રેષ્ઠ નાગરિક ધર્મ બજાવવા આગળ આવવું જોઈએ. મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણલક્ષી યોજનાઓની સવિસ્તર માહિતી મંત્રીશ્રીએ તેમના વક્તવ્યમાં રજૂ કરી હતી.




ગ્રામીણ વિસ્તાર સેવા, ગ્રામોથ્થાનના કાર્ય કરતા ફેન્ડસ ફોર ટ્રાયબ ના IVD કે જેમા સિવાય, કોમ્પ્યુટર, તાલીમ ગ્રામીણ વિસ્તાર મા આરોગ્ય આરોગ્ય ની સેવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ એકલ ગ્રામોથ્થાન ફાઉન્ડેશન ના તાલીમ સ્થાન પર ivd અધ્યક્ષ પિનલબેન મનિષભાઈ પંચાલ દ્વારા ૭૭મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે ધ્વજ વંદન કરવામા આવ્યુ.

## ગોંડલ દાઉદી વ્હોરા સમાજ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની જીજાનથી ઊજવણી થઇ



। જસદણ, તા.૧૬ ।

દાઉદી વ્હોરા સમાજ ગોંડલ ધ્વારા સ્વતંત્રતા દિવસ ની ઉજવણી નિમિતે આમીલ મુર્તુઝા સાહેબ ની આગેવાની મા અંજુમન એ હકીમી કમિટી ના સભ્યો તાહાભાઈ બદરી, અબ્બાસભાઈ સદીકોટ, નુરુદ્દીનભાઈ ઘાણીવાલા, હુસેનભાઈ ધનકોટ, ફિરોજભાઈ ભારમલ, શબ્બીરભાઈ ધનકોટ, અબ્બાસભાઈ વસઈવાલા, આબેદીન હીરાણી તેમજ શબ્બીરભાઈ લાકડાવાલા, જુજરભાઈ ચૌહાણ, ફિરોજભાઈ મોટા સમગ્ર ટીમ ધ્વારા ધ્વજવંદન નો કાર્યક્રમ રાખવામાં આવેલો. આ પ્રસંગે કિશોરભાઈ ધડુક, ડો. સુલતાન ગૂંગા, ડો. સમીર ગુંગા તેમજ તેમની ટીમ,પક્ષી પ્રેમી ના પ્રમુખ રોહિતભાઈ પટેલ, જનસેવા ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ બંટીભાઈ ભુવા એ ખાસ હાજરી આપેલી અને દેશ ની આન બાન અને શાન તિરંગાને ફરકાવ્યો અને સાથોસાથ વૃક્ષારોપણ કાર્યકર્મ રાખેલ હતો અને મસ્જિદ ના ગ્રાઉન માં અને મસ્જિદ ના ગેઈટ પાસે વૃક્ષ રોપણ કરેલ હતું.



## ભારતના ૭૭ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ભરતકુમાર પંડ્યા

। દિવડા કોલોની, તા.૧૬ ।

ભારતના ૭૭ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ના ભાગ રૂપે જિલ્લા કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ માનનીય મંત્રી શ્રી પંચાયત, કૃષિ શ્રી બચુભાઈ ખાબડ સાહેબ ના વરદ હસ્તે કડાણા તાલુકાના દિવડા કોલોની ખાતે સવારે ૯-૦૦ કલાકે રાખવામાં આવ્યો. દ્વજ વંદન બાદ વીર સહિદોને યાદ કર્યા હતા. અનેક શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રાખવામાં આવેલ હતા. જે સૌએ નિહાળ્યા હતા. સામાજિક વનીકરણ વિભાગ



ગોધરા દ્વારા આઝાદી ના અમૃત મહોત્સવ હેઠળ વૃક્ષા રોપણ કાર્ય ક્રમ વન વિભાગ ગુજરાત રાજ્ય વિસ્તરણ રેજ કડાણા દ્વારા અત્રે રાખવામાં આવેલ હતો.કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત બોલી શૌ છૂટા પડ્યા હતા.

# ઝાલોદ તાલુકાની ફૂલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં ૭૭મા સ્વતંત્ર દિન યોજાયો

। ઝાલોદ, તા.૧૬ ।

ફુલપુરા નગરમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ''મેરી મિટ્ટી મેરા દેશ ''ના પ્રોગ્રામનું આયોજન પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું. દેશભક્તિના ગીતોની રમઝટ વચ્ચે વિદ્યાર્થીઓ વાલીઓ અને સ્ટાફગણ સાથે આખું ગામ રાષ્ટ્ર ભક્તિના રંગે રંગાયેલું જોવા મળેલું. ઉપસ્થિત મહાનુભવોનું શાબ્દિક સ્વાગત આચાર્ય સાહેબ દ્વારા કરવામાં આવ્યુ. આજના ૭૭ માં સ્વતંત્ર દિન નિમિત્તે શાળાએ કરેલી જુદી જુદી સિદ્ધિઓનું પ્રવચન અને ધોરણ- ૬ માં અભ્યાસ કરતા વગોણા પિયુષ કુમારે વકૃત્વ સારી રીતે રજૂ કર્યું હતું. સાથે સાથે આ શાળાના આસિસ્ટન્ટ શિક્ષક શ્રી પરમાર નરેશભાઈ દશરથભાઈએ



વર્ષ દરમિયાન તેમણે કરેલ ઉત્તમ શૈક્ષણિક કાર્ય, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, નાવીન્યપૂર્ણ પ્રોગ્રામો, સામાજિક ક્ષેત્રે વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રિય યોગદાન આપેલ છે. તે બદલ તેમને પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર અને પુષ્પગુચ્છ આપી મહાનુભવો અને સ્ટાફ ગણ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.છેલ્લે તેમને ગ્રામજનો ,શાળા પરિવાર અને બાળકોનો આભાર માન્યો હતો.

### આસરે ૩૨ યુનિટ બ્લડનું દાન રક્તદાતાઓ દ્વારા આપવામાં આવ્યું

# અગ્રવાલ યુથક્લબ ઝાલોદ અને ઇન્ડિયન રેડક્રોસ દાહોદ તથા લાયન્સ ક્લબના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



। ઝાલોદ, તા.૧૬ ।

શ્રી અગ્રવાલ વિકાસ મહાસભા ગુજરાત યુવા વિંગ દ્વારા સમગ્ર ગુજરાતમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતી. તે અન્વયે ઝાલોદ મુકામે લાયન્સ ક્લબના હોલમાં અગ્રવાલ યુથક્લબ દ્વારા રેડક્રોસ સોસાયટી તેમજ લાયન્સ ક્લબના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સહભાગી તરીકે અગ્રવાલ સેવાસંઘ અને અગ્રવાલ મહિલા મંડળ પણ જોડાયું હતું. રકતદાન કરવા માટે મહિલાઓ પણ ખૂબ મોટા પ્રમાણમાં જોડાઈ હતી. વિશેષમાં આજે એક મહિલા મિતાલી અગ્રવાલ જેમણે આજે પોતાના જન્મદિવના અવસર પર પ્રથમ વાર રક્તદાન કરી જન્મદિવસ ઉજવ્યો હતો.

બ્લડ ડોનેશન કેમ્પ લાયન્સ ક્લબના હોલમાં સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી યોજવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રક્તદાન કરવા આસરે ૬૦ થી ૭૦ લોકો ઉમટી પડેલ હતા. પરંતુ કોઈને કોઈ કારણસર ૩૨ વ્યક્તિ રક્તદાન કરી શક્યા હતા. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન કરવા માટે અગ્રવાલ સમાજના તમામ લોકો જોડાયેલ હતા તેમજ અગ્રવાલ યુવા મંચના પ્રમુખ સાહિલ અગ્રવાલ અને તેમની પૂરી યુવાવિંગની ટીમ દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવેલ હતો.

# ઘરનો એક રૂમ ઓછો બનાવશો તો ચાલશે પરંતુ જો તમારા બાળકોને નહિ ભણાવો તો ચાલશે નહિ : વિક્રમ ડામોર

। ઝાલોદ, તા.૧૬ ।

૧૫ ઓગસ્ટ નિમિતે મોટા ફળિયા વર્ગ કદવાળ પ્રાથમિક શાળામાં ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં ગામના સરપંચ, સભ્યો, શાળાના બાળકો થતાં ગામના યુવાનો અને વડીલો પણ હાજર રહ્યા હતા.જેમાં પ્રમુખ પદ તરીકે હાલમાં સરકારી નોકરી મેળવેલ નરેશભાઈ ડામોરને આપવામાં આવ્યું હતું હતું અને તેમના હાથે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો, અને શિક્ષક શ્રી ગલાભાઈ ગરાસિયાને ક્લસ્ટર કક્ષાએથી પ્રતિભાશાળી શિક્ષકનું પ્રમાણ પત્ર આપવામાં આવ્યું હતું અને સાલ ઓઢાડીને સ્વાગત પણ કરવામાં આવ્યું હતું સમગ્ર કાર્યક્રમ તેની રૂપરેખા મુજબ કરવામાં આવ્યો હતો અને વક્તાઓએ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું તેમાં વક્તા તરીકે સામાજિક કાર્યકર્તા વિક્રમ ડામોર પણ ઉપસ્થિતિ રહ્યા હતા, વિક્રમ ડામોરે તેમનું વક્તવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે જો આપડા ઘરનો એક રૂમ ઓછો બનાવીશું તો ચાલશે, કોઈકને ત્યાં વહેવારમાં ૫ હજાર રૂપિયા ચાંદલો (નોતરું) નહિ મૂકીએ તો પણ ચાલશે અને અંબાજી કે પછી શામળાજી દર્શન કરવા નહિ જઈએ તો પણ ચાલશે પરંતુ જો તમારા બાળકને નહિ ભણાવો તો



ચાલશે નહિ અને જો તમારે અંધકારમાંથી બહાર નીકળવું હોય તો તમારા બાળકોને સારું શિક્ષણ આપો અને જેટલી જવાબદારી શિક્ષકની બને છે એટલી જ જવાબદાર વાલીઓ તમારી પણ બને છે, તમારું બાળક સવારે શાળાએ જાય છે કે નહિ અને સાંજે આવીને શાળામાં આપેલું હોમવર્ક કરે છે કે નહિ એ જોવાની જવાબદારી વાલીઓ તમારી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. આ રાશિ ના લોકોએ આજે મફત સમયમાં આધ્યાત્મિક પુસ્તકો નો અભ્યાસ કરવો જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે કોઈક તમારા વખાણ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. આજે અનેક બાબતો ઊભી થશે- જેના પર તમારે તાત્કાલિક ધ્યાન આપવું પડશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવાની શક્યતા છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

## પૂજ્ય મોરારી બાપૂએ કેમ્બ્રિજ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી



પ્રસિદ્ધ કથાકાર પૂજ્ય મોરારી બાપૂએ કેમ્બ્રિજમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરીને નવી દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં શિક્ષકો, માછીમારો અને ખેડૂતોને આમંત્રિત કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી.

પૂજ્ય મોરારી બાપૂબકેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે રામકથા કરી રહ્યા છે જ્યાં તેઓએ સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરી. જ્યાં તમામ ભારતીયોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવતાં કહ્યું હતું કે, માછીમારો, શિક્ષકો અને ખેડૂતોને સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે આમંત્રિત કરવા ખૂબજ સારી પહેલ છે. કદાચ પહેલીવાર મોટી સંખ્યામાં સામાન્ય વ્યક્તિઓને ઉજવણીમાં મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં છે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ લાલ કિલ્લાથી સમગ્ર દેશ ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરી રહ્યો છે. ટોચના રાજકીય નેતાઓ, અધિકારીઓ, જજ અને બીજા મહાનુભાવો ઉપરાંત કેન્દ્ર સરકારે ઉજવણીના ભાગરૂપે વિવિધ તબક્કાના ૧,૮૦૦ લોકોને ઉજવણીમાં સામેલ થવા આમંત્રિત કર્યાં હતાં.

અધિકારીઓના કહેવા મૂજબ દેશભરમાંથી ૪૦૦થી વધુ ગામડાના સરપંચો, ૩૦૦ ખેડૂતો, ૫૦ પ્રાથમિક શાળાના શિક્ષકો, નર્સ અને માછીમારોને લાલ કિલ્લા ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતાં. આ ઉપરાંત વિશિષ્ટ મહેમાનોની યાદીમાં ૫૦ બાંધકામ કામદારો પણ સામેલ હતાં કે જેઓ નવી સંસદના નિર્માણમાં સામેલ હતાં તથા ૫૦ કામદારો વિશાળ માર્ગો અને બીજા પ્રોજેક્ટ્સના નિર્માણમાં સામેલ હતાં. ૭૫ દંપતિઓ પારંપરિક વસ્ત્રોમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પૂજ્ય બાપુની રામકથા હાલ યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની જિસસ કોલેજ ખાતે ચાલી રહી છે. આ કથા ભારત અને અંગ્રેજી સંસ્કૃતિ વચ્ચે લાંબાગાળાના સંબંધોની ઉજવણી છે. આ રામકથા ૨૦ ઓગસ્ટે સમાપ્ત થશે.

# ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે મંત્રી કનુભાઈ દેસાઇના હસ્તે રમતગમત ક્ષેત્રેના રમતવિરોનું સન્માન કરાયું

। સુરત, તા.૧૬ ।

સુરત જિલ્લાના ઓલપાડ ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી નિમિત્તે નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઇના હસ્તે રમતગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર રમતવિરોનું સન્માન કરવા આવ્યું હતું. જેમાં વેઈટલીફટિંગ, સ્વિમિંગ, ટેકવાન્ડો, મેરેથોન અને યોગ જેવા ક્ષેત્રોમાં ૯ રમતવીરોનું સન્માન કરાયું હતું.

રમત ગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર નાયબ જિલ્લા વિકાસ અધિકારી, સુરત ડી.ડી.વાઘેલાને આફ્રિકામાં મેરેથોનમાં, વેઈટ લિફ્ટિંગમાં વિધા હરિરામ શર્મા ૬૬મી સ્કૂલ ગેમ્સમાં વેઈટ લિફ્ટિંગમાં ગોલ્ડ મેડમ, કલ્યાણી અજય સકસેના સ્વિમિંગમાં વર્લ્ડ યુનિવર્સિટી જાપાન ખાતે સ્પર્ધામાં ભાગ લીધો, વિશાલ પટેલ ૬૬મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દિલ્હી ખાતે યોજાયેલ સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ, ઝૈના રાજા ૬૬મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દિલ્હી ખાતે યોજાયેલ ટેકવાન્ડો રમતમાં ગોલ્ડ મેડલ, કદમ વિધિ સંતોષભાઈ ૬૬મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ભોપાલ ખાતે યોજાયેલ એથ્લેટિક્સમાં બ્રોન્સ મેડલ, ડો. દિશા જીગ્નેશભાઈ જાની કો-ઓર્ડીનેટર યોગા બોર્ડ, કૃતિબેન બારડોલીયા યોગા કોચ,





વર્ષાબેન જોતણગિયા, યોગા ટ્રેનર જેઓને ગુજરાતમાં યોગનો વ્યાપ વધે અને લોકો કરતા થાય અને સમગ્ર ગુજરાતમાં યોગ અંગેનો માહોલ ઉભો થાય તે અંગેની કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

### મ્યાંનમારથી આવેલા કુકીઓ ક્યારે ય હેરાન નથી કર્યા

# મ્યાંનમારના ચાલીસ હજારથી વધુ શરણાર્થી મિઝોરમના ૬૦ શિવિરોમાં રહે છે

। મ્યાંનમાર, તા.૧૬ ।

અંગ્રેજી છાપુ ધ હિન્દુની એક રિપોર્ટ અનુસાર પાછલા અઠવાડિયે સાંસદમાં ગૃહમંત્રી અમિત શાહના બયાન ઉપર પલટવાર કરતા મિઝોરમના રાજયસભા સાંસદ વનલાલવેના એ કહ્યું કે મણીપુર ના પાડોશી રાજ્યો મિઝોરમ અને મ્યાંનમાર થી આવેલા ૪૦,૦૦૦ થી વધુ પલાયન કરીને કુકી સમુદાયના શરણાર્થીઓ ને આશ્રય આપ્યો પણ એમણે એવું કાંઈ નથી કર્યું કે બીજાને તકલીફ થાય.

ચોમાસુ સત્રમાં ગૃહ મંત્રી અમિત શાહ એ મણીપુર પર બયાન આપતા કહ્યું કે વર્ષ ૨૦૨૧ માં મ્યાંનમારથી જ્યારે સૈન્યએ બળવો કર્યો ત્યારે મોટી પ્રમાણમાં કુકી લોકો ભારતના પૂર્વોત્તર રાજ્યમાં આવ્યા અને જંગલોમાં વસવાટ કર્યો.



નોંધનીય છે એક ફેબ્રઆરી ૨૦૨૧ના મ્યાંમાર સેના દ્વારા બળવો કરીને દેશને તેમના કબજે લેવાબાદથી મમ્યાંમારના હજારો શરણાર્થી જે ચીના જાતીય સમુદાય થી સબંધ રાખતા હોય છે જેમાં મિજો સમુદાય તે નજીકના સંબંધ રાખવા વાળા લાઈ, ટીડીમ-જોમી, લૂસી અને હુઆલંગો જેવાં શામીલ છે અને તે મિઝોરમ જતાં રહ્યાં છે.

સત્તારૂઢ પાર્ટી વનલાલવેનાની મિજો નેશનલ ફ્રન્ટ (એમએનએફ) એનડીએ સાથે ગઠબંધન છે. વનલાળવેનાની કહું કે મને મણીપુર મુદ્દે બોલવાની અનુમતી આપી નોહતી જયારે તે રાજ્યસભાના મિજો સમુદાયનાં એક માત્ર પ્રતિનિધિત્વ કરવા વાળા એક માત્ર સભ્યા છું. અખબાર સાથે વાત કરતા કહ્યું કે ચોમાસા સત્રની શરૂઆત ફરી હું દરરોજ એક દીવસ મણીપુર મુદ્દે ચર્ચા કરવા માટે નોટિસ મોકલાઈ હતી પણ સભાપતિએ એને સ્વીકાર કરી નહી. લોકસભામાં ગૃહ મંત્રી અમિત શાહ ૧૧ ઓગસ્ટએ મ્યાંનમારના કૂકી સમુદાયના લોકોને દોષિત ગણાવ્યાં હતા અને આગલા દિવસે મે જવાબમાં બોલવા માંગ્યો ત્યારે મારું માઈક્રોફોન બંધ કરી દીધું અને મારી વાત લોકસભાના પટલ પર રાખવાની અનુમતી આપી નહી.

### ભરૂચના પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

# ડો. વિક્રમ સારા ભાઈની ૧૦૪ મી જન્મ જયંતી નિમિત્તે મૂવી શોનું આયોજન કરવામાં આવ્યું



। કેતન મહેતા ભરૂચ, તા.૧૬ ।

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ગુજરાત સરકાર, ગાંધીનગર પ્રેરિત ગુજકોસ્ટ સંલગ્ન પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર, જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભરૂચ દ્વારા ડૉ.વિક્રમ એ સારાભાઈ ની ૧૦૪ મી જન્મજયંતિ ઉજવણી અંતર્ગત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે મૂવી શો પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કોઓર્ડિનેટર કેશાબેન પ્રજાપતી દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ કોલેજ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૫૫ જેટલા તાલીમાર્થી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર અને વિજેતાઓને પારિતોષિક તેમજ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# પીએમ ઋષિ સુનક મોરારિ બાપુની રામકથા સાંભળવા પહોંચ્યા

### બ્રિટનના પીએમ ઋષિ સુનકે કહ્યું કે, તેમને બ્રિટિશ અને હિંદુ હોવા પર ગર્વ છે, તેમણે બાળપણમાં પોતાના પરિવાર સાથે મંદિર જવાની વાતને યાદ કરી

। નવી દિલ્હી, તા.૧૬ ।

શું તમે ક્યારેય વિચાર્યું હતું કે કોઈ વિદેશી વડાપ્રધાન કોઈ હિંદુ કથાવાચકના મુખેથી કહેવાતી રામકથા સાંભળવા પહોંચશે? પરંતુ આવું થયું છે. બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક રામકથા સાંભળવા પહોંચ્યા હતા.

આ રામકથા બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજાઈ હતી અને કથાકાર હતા મોરારિ બાપુ. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં મોરારિ બાપુની રામકથા બેઠી છે.



જેમાં મંગળવારે એકાએક બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક પહોંચી ગયા હતા. ઋષિ સુનક કથામાં પહોંચ્યા પછી સામાન્ય વ્યક્તિની જેમ જ મોરારિ બાપુની સામે ખુરશીમાં બેઠા હતા. તેમણે કહ્યું કે, તેઓ વડાપ્રધાન તરીકે નહીં પરંતુ હિંદુ હોવાના લીધે કથા સાંભળવા આવ્યા છે. ઋષિ સુનકે વ્યાસપીઠ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. પોતાના સંબોધનની શરૂઆત ઋષિ સુનકે જય સીયારામના નાદ સાથે કરી હતી. તેમણે કહ્યું, 'વડાપ્રધાન તરીકે કામ કરવું ઘણું મુશ્કેલ હોય છે. કેટલાય અઘરા નિર્ણયો લેવા પડે છે, મુશ્કેલ કામ પાર પાડવા પડે છે. એટલે જ મને આશીર્વાદ આપો. મોરારિ બાપુની કથામાં હાજરી આપવી મારા માટે સન્માન અને ખુશીની વાત છે. મોરારિ બાપુના મંચ પર પાછળની બાજુએ હનુમાજીનું ગોલ્ડન રંગનું ચિત્ર છે એ જ પ્રકારે ૧૧ ડાઉનિંગ સ્ટ્રીટમાં મારી ડેસ્ક ઉપર હું ભગવાન ગણેશજીની મૂર્તિ રાખું છું.

મને આ વાતનો ગર્વ છે. આપણા ગ્રંથોમાં એક નેતાએ કરવાના કાર્યોનો જે ઉલ્લેખ છે તેને કરવાનો હું પ્રયાસ કરી રહ્યો છું. તમારી ઉર્જા મને પ્રેરણા આપે છે. ગત અઠવાડિયે જ તમે ભારતમાં ૧૨ જ્યોર્તિલિંગ ફરી-ફરીને રામકથા કરી અને તેના માટે ૧૨ હજાર કિલોમીટરનું ભ્રમણ કર્યું. અને હું માનતો હતો કે હું વધારે ટ્રાવેલિંગ કરું છું", તેમ બ્રિટિશ પીએમે જણાવ્યું. બ્રિટનના પીએમ ઋષિ સુનકે કહ્યું કે, તેમને બ્રિટિશ અને હિંદુ હોવા પર ગર્વ છે. તેમણે બાળપણમાં પોતાના પરિવાર સાથે મંદિર જવાની વાતને યાદ કરી. તેમણે કહ્યું કે, સૌથી મોટું મૂલ્ય કર્તવ્ય અથવા સેવા છે. જણાવી દઈએ કે, ઋષિ સુનકે મંચ ઉપર આરતીમાં ભાગ લીધો હતો.

# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોએ સૌનો ઉત્સાહ વધાર્યો

### તાપી જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં રંગારંગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ જોમ અને જુસ્સા સાથે નૃત્ય કરતા સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો



તાપી જિલ્લાના ડોલવણ તાલુકા ખાતે આજે ૭૭માં સ્વાતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી જિલ્લા કલેક્ટરશ્રી ડો.વિપિન ગર્ગના અધ્યક્ષસ્થાને ડોલવણ સામુહિક આરોગ્ય કેન્દ્રની બાજુના મેદાન ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તાપીની બહેનો દ્વારા મ્યુઝિક યોગ નિદર્શન, કે.બી પટેલ હાયર સેકન્ડરી સ્કુલ વ્યારા અને ઉત્તર બુનિયાદી આસશ્રમશાળા અને ઉ.મા શાળા બેસનીયા દ્વારા દેશભક્તિ ગીત, ઉત્તર બુનિયાદી કન્યા અને ઉ.મા શાળા ડોલવણ દ્વારા ટિપ્પણી નૃત્ય ગીત, આશ્રમશાળા ગડત દ્વારા રાજસ્થાની લોક નૃત્ય, ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલત બોરખડી વ્યારા, વિવિધલક્ષી હાઈસ્કુલ તથા ઉ.મા.શાળા ડોલવણ, દક્ષિણા પથ વિવિધલક્ષી વિદ્યાલય, વ્યારા તથા ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને ઉ.મા શાળા પંચોલ દ્વારા વિવિધ દેશભક્તિ ગીત નૃત્ય રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સમગ્ર રંગારંગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ જોમ અને જુસ્સા સાથે નૃત્ય કરતા સમગ્ર માહોલ દેશભક્તિમય બન્યો હતો. ઉપસ્થિત નાગરિકોએ તાળીઓના ગડગડાટથી બાળકોના ઉત્સાહને વધાર્યો હતો.

### ડોલવણ તાલુકામાં હરઘર ત્રિરંગા યાત્રા યોજાઇ

# શિલાફલકમને નમન કરી હાથમાં માટી લઈ પંચપણ પ્રતિજ્ઞા લેવામાં આવી




તાજેતરમાં ડોલવણ તાલુકા કક્ષાની હર ઘર ત્રિરંગા સમિતિ દ્વારા લોકોમાં દેશભકિત ઉજાગર થાય અને ઘરે ઘરે ત્રિરંગો લહેરે એ હેતુસર હરઘર ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડોલવણ તાલુકા પંચાયત પ્રમુખશ્રી બચુભાઈ કોંકણી, મામલતદારશ્રી હિમાંશુભાઈ સોલંકી, તાલુકા વિકાસ અધિકારી વિશાળ પટેલ અને પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી રાજેશભાઈ વસાવા, કારોબારી અધ્યક્ષ શ્રી જયદીપનભાઈ ગાવિત દ્વારા ડોલવણ મામલતદાર કચેરીથી યાત્રાને ફ્લેગ ઓફ કરવામાં આવી હતી.

આ તિરંગા યાત્રા ડોલવણ મામલતદાર કચેરીથી તાલુકા પંચાયત થઈ ડોલવણ ચાર રસ્તા થઈ ડોલવણ ગ્રામ પંચાયતની અમૃત વાટિકા સુધી હર ઘર ત્રિરંગાના સૂત્ર સાથે માર્ચ કરી હતી.ત્યારબાદ અમૃતવાટિકામાં બનાવવામાં સ્થાપિત કરવામાં આવેલ શિલાફલકમને નમન કરી હાથમાં માટી લઈ પંચપણ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ ફ્લેગ માર્ચમાં વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ, ગ્રામજનો અને પોલીસ જવાનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

**અમદાવાદમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી** આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં દેહસત ફેલાઈ હતી અને માધવપુરા બજાર બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું

# માધવપુરા વિસ્તારમાં જાહેરમાં છરીના ઘા ઝીકીને યુવકની હત્યા કરાઇ

| અમદાવાદ,તા.૧૬ |

અમદાવાદમાં જૂની અદાવતમાં હત્યાની ઘટના બની છે. આ બનાવમાં હત્યા પહેલા આરોપીએ મૃતકના ઘરે પણ હુમલો કર્યો હતો. માધવપુરા પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપીની શોધખોળ શરૂ કરી છે. માધવપુરા વિસ્તારમાં જાહેરમાં છરીના ઘા ઝીકીને યુવકની હત્યા થતા સનસનાટી મચી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં દેહસત ફેલાઈ હતી અને માધવપુરા બજાર બંધ નું એલાન જાહેર કરવામાં આવ્યું હતું.

ઘટના એવી છે કે માધવપુરા વિસ્તારમાં રહેતા કૃણાલ ઠાકોર નામના યુવકને એક્ટિવા પર આવેલા ૪ શખ્સો કરણ રાજપૂત, પિયુષ ઠાકોર, ચિરાગ ઠાકોર અને રાજ ઠાકોરએ છરીના ઘા ઝીકીને જાહેરમાં કૃણાલની હત્યા કરી દીધી.

હત્યા પહેલા આરોપીઓ કૃણાલના ઘરે ગયા હતા અને ઝઘડો કરીને હુમલો કર્યો હતો, પરંતુ કુણાલના પરિવારે પોલીસને જાણ કરતા આરોપી ત્યાંથી નીકળી ગયા હતા અને રાત્રે કુણાલ એકલો મળી આવતા તેની પર છરીથી હુમલો કરીને હત્યા કરી દીધી. યુવકની જાહેરમાં હત્યા કેસમાં પરિવારે માધવપુરાના દશરથ ઠાકોર નામના વ્યક્તિ વિરુદ્ધ આક્ષેપો કર્યા છે. દશરથ ઠાકોર અને કુણાલના પરિવાર સાથે ઝઘડો ચાલતો હતો. જેની અદાવત રાખીને દશરથ ઠાકોર સોપારી આપીને હત્યા કરાઈ હોવાના આક્ષેપો પરિવારે કર્યા હતા. જાહેરમાં હત્યા થતા સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ હતી. જ્યારે માધવપુરા બજાર પર બંધ રાખવામાં આવ્યું હતું.

માધવપુરા પોલીસે કરણ રાજપૂત, પિયુષ ઠાકોર, ચિરાગ ઠાકોર અને રાજ ઠાકોર વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે હત્યા બાદ મોડી રાત્રે મૃતકના પરિવાજનો અને આરોપી પક્ષ આમને સામને આવી ગયા હતા જેમાં પોલીસ સમયસર પહોંચી જતા બીજો બનાવ બનતો અટકી ગયો હતો પરંતુ પોલીસને મૃતકના પરિવાજનો સાથે સામાન્ય ઘર્ષણ થયું હતું.



**સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યા**

## પ્રાથમિક શાળાઓમાં PTC શિક્ષકોની જ ભરતી થઈ શકશે

**B.Ed કરેલ ઉમેદવારોને ભરતીમાં શિક્ષક તરીકે લેવામાં નહીં આવી શકે એવો મોટો ફેરફાર થઈ શકે છે**

| ગાંધીનગર, તા.૧૬ |

પ્રાથમિક શાળાઓની શિક્ષક ભરતીને લઈ મોટા ફેરફાર આવી શકવાની સંભાવનાઓ વર્તાવા લાગી છે. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યો છે. જેમાં ૨૦૧૮માં NCTE દ્વારા લેવામાં આવેલ નિર્ણયને રદ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શાળાઓની શિક્ષક ભરતીને લઈ મોટા ફેરફાર આવી શકવાની સંભાવનાઓ વર્તાવા લાગી છે. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યો છે. જેમાં ૨૦૧૮માં NCTE દ્વારા લેવામાં આવેલ નિર્ણયને રદ કરવામાં આવ્યો છે. જેને લઈ હવે પ્રાથમિક શાળાઓમાં PTC શિક્ષકોની જ ભરતી થઈ શકશે. આમ હવે પ્રાથમિક શાળાઓમા B.Ed કરેલ ઉમેદવારોને ભરતીમાં શિક્ષક તરીકે લેવામાં નહીં આવી શકે એવો મોટો ફેરફાર થઈ શકે છે. PTC કરેલ અને ડીપ્લોમા કરેલ તાલીમાર્થીઓને જ શિક્ષક તરીકે લેવામાં આવી શકે છે. ગુજરાતમાં પણ PTC તાલીમાર્થીઓની જ ભરતી કરવામાં આવે એવી માંગ કરવામાં આવી શકે છે. આમ જો ગુજરાત સરકાર આ અંગે ભરતીના નિયમમાં ફેરફાર કરશે તો, માત્ર PTC તાલીમાર્થીઓ જ પ્રાથમિક શિક્ષક તરીકે ભરતી થઈ શકે છે.

**આ મહાસંગ્રામની ટિકિટનું વેચાણ હજુ શરૂ થયું નથી**

## ભારત-પાકિસ્તાન મેચ માટે અમદાવાદમાં હોટલનું ભાડું ૨.૫ લાખ રૂપિયા પર પહોંચ્યુ

**અમદાવાદના ૧૦૦ કિલોમીટરના વિસ્તારમાં પણ હોટલ ઉપલબ્ધ રહેશે નહીં, સ્થિતિ એવી થશે કે તમામ નાની-મોટી હોટેલો, ફ્લેટ પણ બુક થઈ જશે**

| અમદાવાદ,તા.૧૬ |

ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાનની ટક્કરનો અર્થ તમને અમદાવાદની તાજેતરની પરિસ્થિતિ પરથી મળી શકે છે, જ્યાં તમામ વસ્તુઓના ભાડાઓ વધી રહ્યા છે. હોટેલનો રૂમ હોય કે ફલાઈટની ટિકિટ હોય, તમામના ભાવ આસમાને પહોંચ્યા છે. ODI વર્લ્ડ કપનું અંતિમ શેડ્યૂલ આવ્યું ત્યારથી અમદાવાદમાં હોટેલ બુકિંગમાં તેજી આવી છે. શહેરમાં મોંઘવારી આસમાનને આંબી રહી છે. દરેક વસ્તુના ભાવ વધી ગયા છે. ત્રણથી ફાઈવ સ્ટાર હોટલનું ભાડું ૨૦ હજારથી ૨.૫ લાખ રૂપિયા સુધી પહોંચી ગયું છે. હાલ ટિકિટનું વેચાણ શરુ નથી થયુ, ત્યારે અમદાવાદથી ૧૦૦ કિલોમીટર સુધીના વિસ્તારમાં પણ ૧૪ ઓક્ટોબરના દિવસે હોટલ રુમ બુક કરાવવો મુશ્કેલ બની રહ્યો છે.

હોટેલ એસોસિએશનનું કહેવું છે કે પ્રેસિડેન્ટ સ્યૂટનું બુકિંગ લગભગ એક લાખ રૂપિયાથી લઈને અઢી લાખ રૂપિયા સુધી થઈ રહ્યું છે. જ્યારે ટિકિટનું વેચાણ શરૂ થશે, ત્યારે અમદાવાદના ૧૦૦ કિલોમીટરના વિસ્તારમાં પણ હોટલ ઉપલબ્ધ રહેશે નહીં. સ્થિતિ એવી થશે કે તમામ નાની-મોટી હોટેલો, ફલેટ પણ બુક થઈ જશે.

**લોકસભાની ચૂંટણી માટે કમર કસતી પ્રદેશ કોંગ્રેસ**

## કોંગ્રેસ ૨૦મી ઓગસ્ટથી રાજ્યમાં પદયાત્રા યોજશે

**પદયાત્રામાં કોંગ્રેસ પ્રમુખ સહિતના નેતાઓ જોડાશે, જિલ્લાદીઠ અને લોકસભાની બેઠક પ્રમાણે જનસંપર્ક કરવામાં આવશે**



| અમદાવાદ, તા.૧૬ |

ગુજરાત કોંગ્રેસમાં હવે નવા પ્રાણ ફૂંકવા માટે હાઈકમાન્ડે રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલને પ્રદેશ પ્રમુખનો તાજ પહેરાવ્યો છે. ત્યારે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં આગામી લોકસભાની ચૂંટણી માટેની તૈયારીઓ અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આગામી સમયમાં કોંગ્રેસના સંગઠનમાં પણ ફેરફાર થવાની શક્યતાઓ બેઠકમાં વ્યક્ત કરવામાં આવી હતી. તે ઉપરાંત નવા સંગઠનને લઈને પણ તૈયારીઓ તેજ કરી દેવાઈ છે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના બીજા તબક્કાની પણ આ બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવી છે

પ્રાપ્ત વિગતો પ્રમાણે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં આગામી સમયમાં સંગઠનને મજબૂત કરવા માટે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યાં છે. જે કાર્યકરો નિષ્ક્રિય ભૂમિકા ભજવી રહ્યાં છે તેમને પક્ષ બહારનો રસ્તો દેખાડી દેવામાં આવશે તેવુ કોંગ્રેસના સુત્રો જણાવી રહ્યાં છે. તે ઉપરાંત નવું સંગઠન રચાય તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે. હવે આગામી સમયમાં પક્ષના જે હોદ્દેદારો છે તેમની જવાબદારીનું મૂલ્યાંકન પણ કરવામાં આવશે. તેમને મળેલી જવાબદારી અને જવાબદેહી પણ નક્કી કરવામાં આવશે. જેથી હવે આગામી સમયમાં કોંગ્રેસના સંગઠનમાં મોટા ફેરફાર થાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. તાજેતરમાં જ એવી ચર્ચાઓ સામે આવી હતી કે, વાયનાડના સાંસદ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનો બીજો ભાગ ગુજરાતથી શરૂ કરવામાં આવશે. આ બાબતેની ચર્ચાઓ પણ બેઠકમાં થઈ હોવાનું જાણવા મળ્યું છે.

**ન્યૂઝ બ્રિફ**

### કોન્ટ્રાક્ટર્સ નવી સરકારી પ્રક્રિયાથી અળગા રહેશે

| અમદાવાદ, તા.૧૬ |

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની ગુજરાત સરકાર દ્વારા સ્વીકારેલ ત્રણ વ્યાજબી માંગણીના એમાથી ૨ના તો પરિપત્રો થયેલ છે. તેમ છતાં પણ આજ-દિન સુધી અંદાજે દોઢ વર્ષ કરતા વધુ સમય થયો હોવા છતા તેની અમલીકરણ ન થવાથી ગુજરાતના તમામ કોન્ટ્રાકટર ભાઈઓ આર્થિક સંકટમાં આવી ગયા છે અને તમામ કામોના નવા ટેન્ડર ભરવા નહિં તેવો નિર્ણય કરેલ છે અને તે અંગેના ઠરાવો પણ કરવામાં આવેલ છે. આ વ્યાજબી અને લાંબા સમયથી પડતર માંગણીઓ નીચે મુજબ છે.સરકારના તમામ વિભાગોમાં સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટ મુજબ ટેન્ડર કાઢવામાં આવે. જીએસટી વગરના ટેન્ડર બહાર પાડવામાં આવે. દરેક જિલ્લાવાર નવા એસઓઆરબનાવવામાં આવે.

**શિક્ષણના ધામમાં નશાનો ખેલ**

## રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાંથી દારૂની બોટલ મળી આવી

| રાજકોટ,તા.૧૬ |

રાજકોટમાં ફરી શિક્ષણના ધામમાં નશાનો ખેલ સામે આવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિ.ના કેમ્પસમાં દારૂની બોટલો કેવી રીતે આવી તેને લઈને પણ ચર્ચા ઉઠી છે. યુનિ.માં પ્રવેશના સમયે કોઈ યોગ્ય ચેકિંગ નહીં થતી હોવાના પણ આક્ષેપ લગાવાયા છે. રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમાંથી દારૂની બોટલ મળી આવી છે. કેમ્પસમાં વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવતા ચકચાર મચી છે. શિક્ષણના ધામમાં દારૂની બોટલ મળવી એ ચોક્કસ પણે નિંદનીય છે. યુનિવર્સિટીના સંસ્કૃત ભવનના પાછળના ભાગમાં દારૂની બોટલો મળી આવી છે.આ અગાઉ પણ શિક્ષણના ધામમાં આવા પ્રકારના કૃત્યો સામે આવ્યા છે. આ તરફ અમદાવાદમાં પણ NSUI દ્વારા ગુજરાત યુનિવર્સિટીની આસપાસ દારૂ અને ગાંજો મળતો હોવાના આક્ષેપ સાથે પદયાત્રા કાઢીને વિરોધ નોંધાવ્યો હતો. NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, ગુજરાત યુનિવર્સિટીની નજીક ગુલબાઈ ટેકરા પાસે ખુલ્લેઆમ દારૂ, ચરસ અને ડ્રગ્સનું વેચાણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે વિદ્યાર્થીઓ પર પણ ખરાબ પડી રહી છે.

## અમદાવાદમાં સડકછાપ ટપોરીઓની તલવાર તેમજ છરી સાથે દાદાગીરી

| અમદાવાદ, તા.૧૬ |

અમદાવાદમાંથી ફરી એકવાર અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. શહેરના ચમનપુરા વિસ્તારમાં લોકો સામે રોફ જમાવવા માટે લાલા સોપારી ગેંગના શખ્સોએ ઘાતક હથિયારો સાથે વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે. અસમાજિક તત્વોએ લોકોમાં ધાક જમાવવા માટે વીડિયો બનાવ્યો હોય તેવું સાફ જોવા મળી રહ્યું છે. આ વીડિયો પોસ્ટ કરતાની સાથે જ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. પોલીસ આવા લુખ્ખા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી ક્યારે કરશે તે એક મોટો સવાલ લોકોમાં ઉઠ્યો છે. શહેરના ચમન પુરા વિસ્તારમાં લાલા સોપારી ગેગના શખ્સોએ ધારદાર હથિયારો સાથે વીડિયો બનાવીને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. આ વીડિયોમાં ૨૦થી વધુ યુવકો જોવા મળી રહ્યા છે. જેમાંથી કેટલાકના હાથમાં તીક્ષ્ણ હથિયારો જોવા મળી રહ્યા છે. મહત્વનું છે કે, હથિયારો સાથે વીડિયો બનાવવા સામાન્ય વાત થઈ ગઈ હોય તેમ અવારનવાર આવા વિવાદાસ્પદ વીડિયો સામે આવતા રહે છે અને જે વાયુવેગે વાયરલ પણ થઈ જાય છે. આ વિવાદાસ્પદ વીડિયો બાદ પોલીસ કાયદાકીય કાર્યવાહી પણ કરે છે પરંતુ આવા વીડિયો બનાવવાનું અટકી રહ્યું નથી.

**ડાયાલિસિસના ઘટાડેલા દરનું આંદોલન ઉગ્ર બન્યું**

## નેફ્રોલોજી એસો.ની હડતાલ દરમિયાન ૪૦૦૦થી વધુનાં મફત ડાયાલિસિસ

**સરકારી હોસ્પિટલોએ આ જવાબદારી ઉપાડી લીધી હોવાનો સરકાર જુઠ્ઠો પ્રચાર કરતી હોવાનો આક્ષેપ**

| અમદાવાદ, તા.૧૬ |

ગુજરાત નેફ્રોલોજી એસોસિયેશન દ્વારા પીએમજેએવાયયોજના હેઠળ ડાયાલીસીસના ઘટાડેલા દરના વિરોધમાં તારીખ ૧૪ થી ૧૬ ઓગસ્ટ પીએમજેએવાયઅંતર્ગત ડાયાલીસીસ બંધ રાખવામાં આવેલા.સોમવારના દિવસે મોટી સંખ્યામાં દર્દીઓ પણ આ મુદ્દાની રજૂઆત કરવા માટે બધા જ શહેરોમાં કલેક્ટર ઓફિસ પર ગયા હતા. ડાયાલિસિસ ના પેકેજ માં કરવામાં આવેલા ફેરફાર પછી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિમાં ગુજરાત સરકાર આ પ્રશ્નને ગંભીરતાથી લેતી નથી એવું ડાયાલિસિસના દર્દીઓનું માનવું છે.

ગઈકાલે પ્રાઈવેટ ડોક્ટર્સએ દર્દીઓ હેરાન ન થાય એવા માનવીય અભિગમ થી ડાયાલિસિસ ની સારવાર હોસ્પિટલ, ટ્રસ્ટ કે પોતાના ખર્ચે ફ્રી માં કરી આપી હતી. આથી કોઈ પણ દર્દી હેરાન થયા નથી અને સરકારી હોસ્પિટલમાં ડાયાલિસિસ કરવાની ફરજ પડી નથી.

## ડાયમંડ કંપનીઓના બેંક એકાઉન્ટ ફ્રીઝ થતાં કરોડોના વ્યવહારો ખોરવાયા

| સુરત,તા.૧૬ |

તેલંગાણા, કેરેલા જેવા રાજ્યોમાં થયેલી સાયબર ક્રાઈમની ફરીયાદને આધાર બનાવીને ત્યાંની સ્થાનિક પોલીસે સુરતની ૨૭ જેટલી મોટી હીરા પેઢીઓના બેંક એકાઉન્ટ્સ ફ્રીઝ કરી દીધા હોવાનું બહાર આવ્યું છે. હીરા પેઢીઓના બેંક એકાઉન્ટ ફ્રીઝ કરી દેતા સુરતના હીરા ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયાના વ્યવહારો સ્થગિત થઈ ચૂક્યા છે. હીરા ઉદ્યોગના અગ્રણી અને GJEPCના ડિરેક્ટર દિનેશ નાવડીયાએ કહ્યું કે આ અંગે સુરતના અનેક હીરા ઉદ્યોગપતિઓની મૌખિક અને લેખિત ફરીયાદ મળી છે. અન્ય રાજ્યોની પોલીસે સુરતની હીરા પેઢીઓના કરન્ટ એકાઉન્ટ કે જેમાંથી પગાર, ખર્ચા, ખરીદીના બિલો ચૂકવવામાં આવે છે એવા તમામ એકાઉન્ટને રાતોરાત સ્થગિત કરી દેવામાં આવ્યા છે. આ મામલો ખૂબ ગંભીર છે એટલે દિનેશ નાવડીયાએ સુરતના એડિશનલ પોલિસ કમિશનર શરદ સિંઘલને જાણ કરી હતી. ૧૬ ઓગસ્ટે સવારે જે વેપારીઓના એકાઉન્ટ બિનજરૂરી રીતે ફ્રિઝ કરાયા છે.

પત્રકાર નિમવાના છે...

આણંદ, ખેડા, વડોદરા જિલ્લામાં માનદ્ પત્રકારો નિમવાના છે..

મનિષ પ્રજાપતિ મો. 70966 59890

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન

9800708900

આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨